સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ શિવમસ્તુ સર્વજગતઃ



સંપાદકઃ સોમચંદ ડી. શાહ


જૂનું વર્ષ ૪ થું; નવું વર્ષ ૨ જું; : લવાજમ : રૂ. ૪-૦-૦ વૈશાખ સં. ૨૦૦૩

વી. સં. ૨૦૦૩ અંક ૩ જો; લવાજમ
વીર સં. ૨૪૭૩ વૈશાખ રૂા. ૪-૦-૦

# વિષય દર્શન


| વિષય | લેખક | પેજ |
|---|---|---|
| એકલો જાને ભૈયા! ... ... | ક૦ | ૭૭ |
| આત્મધર્મ પ્રચારકની મનોદશા ... | શ્રી દર્શક | ૭૮ |
| હળવી કલમે ... ... ... | સંપાદક | ૮૨ |
| **बिखरे फुल ... ... ...** | **हिन्दी कल्याण** | ૮૪ |
| નોંધ પોથી ... — ... | શ્રી સૌમ્ય | ૮૫ |
| શીલની સુવાસ ... ... ... | પૂ. પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મ૦ | ૮૭ |
| પચરંગી મુરબ્બો ... ... | શ્રી ચંદ્રોદય | ૯૦ |
| મહાસાગરનાં મોતી ... ... | પૂ. આચાર્યશ્રી વિજયામૃતસૂરિજી મ૦ | ૯૧ |
| સુખ--દુઃખ ... ... ... | શ્રી મફતલાલ સંઘવી | ૯૩ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ ... ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ૦ | ૯૪ |
| જીવન રથનાં બે ચક્રો ... ... | પૂ. પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મ૦ | ૯૭ |
| રેડ સીગ્નલ ... ... ... | શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. | ૯૮ |
| ભારતમાં સંસ્કૃતિ ... ... | શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ | ૧૦૦ |
| વૈરની પરંપરા ... ... ... | પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી મ૦ | ૧૦૨ |
| જૈનશાસનની એજોડતા ... ... | શ્રી કીર્તિ | ૧૦૫ |
| જ્ઞાન ગોચરી ... ... ... | શ્રી ગવેષક | ૧૦૬ |


## આપ્તમંડળના નવા સભ્યો:

**રૂા. ૨૦૧) રાવ-બહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી મુંબઈ, સંરક્ષક આજીવન સભ્ય**
**રૂા. ૫૧) શેઠ શ્રી ચતુરદાસ ચીમનલાલ અમદાવાદ, શુભેચ્છક આજીવન સભ્ય**
**રૂા. ૧૧) શ્રી જડાવ બેન .. .. .. વાપી દ્વિવર્ષીય શુભેચ્છક સભ્ય**

**આજીવન સભ્યો થયા પછી "કલ્યાણ" નું વાર્ષિક લવાજમ ભરવાનું રહેતું નથી. "કલ્યાણ પ્રત્યે ભલી લાગણી ધરાવતા સૌકોઇ સભ્ય બની અથવા તો બીજાને બનવાની ભલામણ કરી સહકાર આપવા બનતું કરશો. જેઓએ સભ્ય બની શુભકાર્યને વેગ આપ્યો છે તેઓના અમે આભારી છીએ.**

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः

સંસ્કારવાંચ્છુ જૈનસમાજનું

નૂતન માસિક

વૈશાખ : ૨૦૦૩

લવાજમ; રૂા. ૦–૪–૦

## એકલો જાને ભૈયા !

ક૦

એકલાપણું–એકલતા, એ જીવનનો સાચો આનંદ છે. આત્માના અખૂટ સામર્થ્યનો સાક્ષાત્કાર કરવા માટેનું એ પ્રવેશદ્વાર છે. અદીનતાપૂર્વક મસ્તભાવે એકલો રહેનારો; ધૂની, પેટ ભરા કે સ્વાર્થમાં આંધળા ક્ષુદ્રજીવોની દુનીયાથી સાવ અલગો રહેનારો લોકોત્તર આત્મા છે.

બહારના સઘળા જડ–પૌદ્ગલિક સંયોગોથી ઉદાસીન બની, નિર્વેદને પામનાર મહાભાગ્ય આત્માને અખંડ સચ્ચિદાનંદરૂપ આત્મજ્યોતિનાં દર્શન નિજનાં એકાન્ત પરાયણ શાંતજીવન દ્વારા મળી જાય છે. 'આત્મા એક છે. અનન્તાનન્ત શક્તિનો વાસ છે, અને સર્વતંત્ર સ્વતંત્ર છે.' આ બધી આત્માના સ્વરૂપની પીછાણ, એકલતાના ભવ્ય વાતાવરણમાં જ અનુભવવા મળે છે.

એકલા રહેવામાં–એકલતામાં માણનારા આત્માને કોઈની પણ સ્પૃહા, અપેક્ષા કે ઝંખના મુદ્દલ હોતી નથી. નિરપેક્ષભાવે નિજના સત્ત્વ પર આલંબન મેળવી જીવનક્ષેત્રે ઝડપભેર આગેકદમ ભરનારો આ એકલવાયો પુરૂષ, ધીર, ગંભીર અને સાચો સત્ત્વશીલ હોય છે.

'**संजोगमूलाजीवेण, पत्तादुक्खंपरंपरा**' જગતમાં ચાલી રહેલી રૌદ્ર દુઃખપરંપરા કેવળ સંયોગથી જ ઉત્પન્ન થઈ છે. આત્મા ભયંકર દુઃખોની અનંત યાતનાઓ સંયોગના કારણે જ ભોગવી રહ્યો છે. આથી સંયોગ માત્રથી પર રહેનારો આત્મા, સંસારની જંજાળથી ઉદાસ બની એકલા રહેવામાં જ આનંદનો 'રસાસ્વાદ' ભોગવે છે,

જ્યારે આત્મા પોતે, એકલતાના સંગીતનો શોખીન બની તેની બંસીને બજવનારો બજવૈયો થશે, ને પોતાના આત્માને જાગતો રાખી, સાચી રીતે એકલો બનશે, તો જ તે, જન્મ, જરા, મૃત્યુની અપાર વેદનાઓના ભારથી હળવો થઈ અખંડ, અવ્યાબાધ અને અનંત આત્મશક્તિના મહાસાગરમાં મ્હાલનારો તેમ જ અજર અમર બની રહેશે.

માટે જ એક કવિએ ગાયું છે;

**एकलो जाने भैया ! तुं एकलो जा !**

# જેના પાને પાને વીતરાગ વાણીનો વિરોધ દેખાઈ રહ્યો છે, તે 'આત્મધર્મ'ના પ્રચારકની મનોદશા.

—શ્રી દર્શક

**સોન**ગઢથી પ્રસિદ્ધ થતા 'આત્મધર્મ' માસિકના સંચાલક શ્રી કાનજીસ્વામી કે જેઓ જૈન સંપ્રદાયના ત્રણે ફીરકાથી તદ્દન અલગ નવો પંથ ઉભો કરી, સમાજની શાંતિમાં વિક્ષેપ નાંખનારૂં અધાર્મિક કૃત્ય આચરી રહ્યા છે, અને ભોળી જનતાને ઉન્માર્ગે દોરી રહ્યા છે. તેઓની આ બધી પ્રવૃત્તિઓની સ્હામે; છેલ્લા કેટલાક અંકોથી 'કલ્યાણ' માસિકમાં, એક વિદ્વાન મુનિરાજશ્રી 'દર્શક'ના નામથી આ લેખમાળા લખી રહ્યા છે. જેનો ચોથો હપ્તો અહિં રજુ થાય છે.—સં૦

જૈનદર્શનમાં સ્યાદ્વાદ–અનેકાન્તવાદ, મુખ્યત્ત્વે તેનાં તત્ત્વજ્ઞાનનો આધાર સ્થંભ છે. આસ્તિકવાદ, આત્મવાદ, કર્મવાદ, ઈત્યાદિ બધા વાદોનો સમન્વય કરવાને સારૂ જૈનશાસનના સ્યાદ્વાદની મુખ્ય અપેક્ષા રહે છે. જગતના બધા ધર્મવાદો, વિવાદો, કે દર્શનો, આ સઘળાનો સમન્વય કરી, એક બીજાને પરસ્પરના પૂરક તેમજ પોષક બનાવનાર જૈનદર્શનનો આ અનેકાન્તવાદ છે. ' આત્મા છે, ' એટલું સામાન્યપણે સ્વીકારનારા આસ્તિકો, પણ જૈનોની સ્યાદ્વાદ દૃષ્ટિને સ્વીકારી જ્યારે કબુલે છે કે, 'આત્મા છે પણ દેહથી ભિન્ન છે'–તો જ તેઓ, નાસ્તિકોથી અલગ રહી શકે, કારણ કે, નાસ્તિક દર્શનકારો સર્વથા આત્માનાં અસ્તિત્ત્વનો અપલાપ નથી કરતા પણ આત્માને શરીરથી અભિન્ન માને છે, અને શરીરથી ભિન્ન આત્માનો તેઓ અપલાપ કરે છે. આ રીતે ઈતર ધર્મદર્શનો જૈનોના સ્યાદ્વાદ સિદ્ધાન્તને અનિચ્છાયે કે ગમે તે પ્રકારે સ્વીકારનારા બને તોજ તેઓના ધર્મ સિદ્ધાન્તો યથાર્થ અને વ્યવહારૂ એટલે અવિસંવાદી બની રહે છે.

નહિતર; કોઈપણ ધર્મદર્શન, પોતાની તત્ત્વવ્યવસ્થાને જગતના ચોગાનમાં, યથાર્થ રીતે મુકી નહિ શકે. જૈનોના સ્યાદ્વાદ સિદ્ધાન્તની આ મહત્તા છે. આટ–આટલી સ્યાદ્વાદની ખુબી અને મહત્તા જાણનારા પણ જ્યારે આગ્રહના આવેશમાં પટકાઇ જાય છે ત્યારે તેઓ પોતાની મતિ કલ્પિત વાતોને એકાન્ત નિરપેક્ષ શૈલીયે લખી–બોલીને ભોળા અંધશ્રદ્ધાળુઓને પોતાના વાડામાં વાણીની ચાતુરાઇથી પુરી દે છે.

**સોન**ગઢના કાનજીસ્વામીજીએ, આજ પ્રકારનો ગોરખધંધો લગભગ છેલ્લા સાત–આઠ વર્ષથી આચરવા માંડયો છે. તેમાં તેઓને દિન–પરદિન વધુ ફાવટ મળતી ગઇ, કારણ કે, આ વિશાળ દુનીયામાં રસ્તે ચાલનારા એકાદ લેભાગુને પણ એની વાક્છટાથી કે મુત્સદ્દીતાના દાવ પેચથી પાંચ–પચીસ ભકતો યા તેને માનનારાઓનું ટોળું મલી રહે છે, તો શ્રીયુત કાનજીસ્વામીને કદાચ પાંચ–પચાસ લક્ષ્મીવાનો અને પાંચ–પચાસ ભોળા ઘેટાઓનો સહકાર સાંપડે એમાં કાંઇ નવીનતા નથી.

હિંદુસ્તાનની લગભગ ચાલીશ ક્રોડની વસતિનો મ્હોટો ભાગ, એટલો બધો ધર્મઘેલો અને વેવલો છે કે, ધર્મ, ત્યાગ કે દયાના નામે ગમે તેવા માણસની પૂંઠ પકડી તેનો અંધ શ્રદ્ધાળુ અનુયાયી થઈ જાય છે, ને પરિણામે આવા ગાડરોના ટોળાને પેલો મુત્સદ્દી માણસ, અજ્ઞાન, વ્હેમ પાખંડ તેમજ દંભના વાતાવરણમાં ફસાવી નાંખે તોપણ આ ટોળાને પોતાની જાતનું ભાન આવતું નથી માટે જ દુનીયાના ડાહ્યા માણસોએ કહ્યું છે; ' દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલે ચાહીએ ' આ હકીકત શું ખોટી છે. ?

કાનજીસ્વામીને આવાજ ગાડરોનું ટોળું ભેટી ગયું છે, એમાં સાથ આપનારા લક્ષ્મીનંદનોને પાપાનુબંધી પુણ્યની કમાણીનો આ રીતનો ઉપયોગ થવા સાથે જાતની મહત્ત્વાકાંક્ષાને પોષણ મલી રહ્યું છે. જૈનધર્મના ત્રણ સંપ્રદાયમાંથી મ્હોટે ભાગે સ્થાનકવાસી સંપ્રદાયના લોકો કાનજીસ્વામીના આ નવા વાડાનો ઝડપી શિકાર બની જાય છે. તેમજ દિગંબર સંપ્રદાયના બે–ચાર આગેવાન શ્રીમંતો સાવધાની-

પૂર્વક કાનજીસ્વામીને પોતાનો સહકાર આપી રહ્યા છે, તે દિગંબર પૈસાદાર સર હુકમીચંદ અને દિગંબર પંડિત રાજેન્દ્રકુમાર શાસ્ત્રી જેવા એમ માની રહ્યા છે કે, કાનજીસ્વામીના નામે, જો અમારા સંપ્રદાયનો પ્રચાર ગુજરાત–કાઠીયાવાડમાં થઇ જતો હોય અને સો–બસો મૂર્ખાઓ આ બ્હાને દિગંબર માન્યતાના પૂજારી બનતા હોય તો 'ગોળથી બીજું ગળપણ શું ?'

આવા પ્રકારની મનોદશા ધરાવનારા તકસાધુ વર્ગના ટેકાથી કાનજીસ્વામીનો વસ્તાર વધુ વધવા માંડયો છે. સોનગઢમાં નવાં મકાનો, સભામંડપો અને ધામધૂમ આ કારણે હાલ તેજીના વાતાવરણમાં છે. પણ આ બધો આડંબર ક્ષણજીવી છે. જેના પાયામાં નક્કર સિદ્ધાંન્તો, સાચો સ્વાર્થ ત્યાગ અને નિર્મળ સંયમધર્મ નથી, ત્યાં જેટલા મંડાણો થાય છે તે લગભગ થોડા કાલ માટેજ છે. જતે દિવસે આ બધો આડંબર, માટીના ચણતરથી ઉભી થયેલી ઇમારતની જેમ, કકડભુસ થઇને એક સામટો બેસી જવાનો એ ચોક્કસ છે.

કારણો સ્પષ્ટ છે; મુખ્ય હકીકત એ છે કે, કાનજીસ્વામીનો પોતાનો આચાર–વિચારનો સમગ્ર વ્યવહાર કેવળ પરસ્પર વિસંવાદી, પોકળ અને હાથીના દાંતની જેમ માયાવી છે, આ વિધાન અનેક નક્કર સાબીતીઓથી પૂરવાર કરી શકાય તેમ છે. કાનજીસ્વામી પોતે બોલે છે શું ? લખે છે શું ? અને સોનગઢના આલીશાન બંગલાઓમાં બેસી, ભક્ત સ્ત્રી–પુરૂષોના આહાર–પાણીને દરરોજ દિવસમાં ત્રણેય વખત આરોગનારા તેઓ કરે છે શું ?'–આ બધી બાબતો જ શ્રી કાનજીસ્વામીના, જીવન–કવનની, બોલચાલની દાંભિક રીતરસમોનો સાચો જવાબ આપી શકે તેમ છે,

'આત્મધર્મ' માસિક કે જેના સંચાલનનો સીધો દોર કાનજીસ્વામી પોતે પોતાના હાથમાં રાખે છે, તેના ચાલુ અંકોમાં કાનજીસ્વામીના જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલીથી વિપરીત અને પરસ્પર વિસંવાદી પ્રવચનોનો સાર પ્રસિદ્ધ થાય છે. તદુપરાંત, કાનજીસ્વામીના માન–પૂજા આડંબર અને ધામ–ધૂમની ધમાલોનાં હદ ઉપરાંત ભાટગાણા આમાં પ્રગટ થયા કરે છે. તેનાં લખાણો પરથી કાનજીસ્વામીની મલીન મનોદશાનો પરિચય તટસ્થ વિચારકને અવશ્ય થઇ શકે તેમ છે.

આના ઉદાહરણમાં જેમકે, 'આત્મધર્મ'ના ચૈત્ર માસના ચાલુ અંકમાં તેઓ લખે છે કે, જેટલી વ્રત વગેરેની લાગણી ઉઠે છે, તે રાગ છે. ધર્મ નથી' (વર્ષ ૪ થું : અંક ૬ * પાનું ૧૦૩ ફકરો નં. ૯૭)

કાનજીસ્વામીનું આ વિધાન કેટલું મિથ્યાત્વ તેમજ અવિરતિધર્મનું પોષક છે. વ્રત, તપ આદિ જો અધર્મ છે, તેના કરનાસ અધર્મ આચરી રહ્યા છે તો ધર્મ એ શું ચીજ–વસ્તુ છે ? આમ કહીને કેવળ નિશ્ચયનયાભાસના દુરાગ્રહની આંધીમાં ભાનભૂલી દશા પામેલા કાનજીસ્વામી પોતાના અનુયાયીઓને સાચા સંયમ માર્ગથી ખસેડી દે છે. કોઇપણ સાચો માર્ગસ્થ ધર્માત્મા કે મહાપુરૂષ ધર્મોપદેશક આવું માથા–પગ વિનાનું, અપેક્ષાશૂન્ય પ્રતિપાદન કરે જ નહિ.

'જો. વ્રત, આદિ રાગ છે, અધર્મ છે' તો કાનજીસ્વામીને આપણે પૂછી શકીયે કે, 'વ્રતનો ઉપદેશ તમો આપો ખરા કે ? કોઇને વ્રતો ઉચ્ચરાવો કે નહિ ? તમારા આશ્રમમાં 'બ્રહ્મચર્યવ્રત' અત્યાર સુધી તમે અનેકોને ઉચ્ચરાવ્યું છે. ને તે પણ મોટી ધામધુમપૂર્વક તેમજ 'આત્મધર્મ' માસિકમાં આડંબર શૈલીયે તેની જાહેરાતો કરી–કરાવીને તેનું કેમ ? જો આ બધી હકીકત સાચી છે તો શા માટે કાનજીસ્વામીને આવું દંભપૂર્ણ પ્રતિપાદન કરવું પડે છે વારૂ ?

ખરી વાત એ છે કે, પોતાના વાણી કૌશલ્યથી ભોળા જીવોને ભ્રમણામાં મૂંઝવી નાંખવાનો ધીખતો વ્યવસાય કાનજીસ્વામીએ શરૂ કર્યો છે, આથી આવી બધી આડી–અવળી નિશ્ચયનયાભાસની વાયડી વાતોથી આશ્રમમાં આવનારા ભલ–ભલાને વાક્છલદ્વારા છેતરવાને માટે તેઓ આમ લખી–બોલી રહ્યા છે.

બાકી, જૈનશાસનના સમ્યગ્જ્ઞાતા, બહુશ્રુત કે ગીતાર્થ આત્માના ઉપદેશમાં આ પ્રકારની મિથ્યાત્વને પોષનારી શાસ્ત્રનિરપેક્ષ સ્વચ્છંદી શૈલીની વાણી

ન જ હોય, કાનજીસ્વામીના આ કથનમાં તો વીતરાગ દેવની વાણીનો વિરોધ પ્રગટપણે જણાઈ આવે છે. કાનજીસ્વામી પોતે જેને 'મહાન ઉપકારી' માને છે તે 'સમયસાર'ના રચયિતા શ્રીમાન કુંદકુંદસ્વામી પણ વ્રતાદિના સ્વીકારને, વ્રતાદિના પરિણામને ધર્મ તરીકે ઓળખાવે છે એ વસ્તુ ખાસ નોંધવા જેવી છે,

'બારસ અણુવેક્ખા' નામના ગ્રન્થમાં, કુંદકુંદાચાર્ય જણાવે છે;—

**दंसण वय सामाइय पोसह,**
**सच्चित्त रायभत्ते य।**
**बम्हारंभ परिग्गह अणुमणह**
**मुद्दिट्ठ देसविरदे दे ॥ गा. ६९ ॥**

દર્શન, વ્રત, સામાયિક, પૌષધોપવાસ, સચિત્ત ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, બ્રહ્મચર્ય, આરંભ ત્યાગ, પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ, અને ઉદ્દિષ્ટ ત્યાગ, આ અગ્યાર ભેદ શ્રાવકધર્મના છે.

આ ગાથામાં, સમ્યગ્દર્શનની જેમ વ્રતાદિને પણ કુન્દકુંદાચાર્યે 'ધર્મ' તરીકે ઉપદેશ્યા છે. જ્યારે તેઓના અનુયાયી કહેવાતા અને તેઓના કેવળ નિશ્ચયનયના ગ્રન્થોનો પોતાની સ્વચ્છંદ મતિથી નયાભાસ શૈલીયે પ્રચાર કરનારા કાનજીસ્વામી વ્રતને અધર્મ કહીને પ્રરૂપે છે. કેટ-કેટલી અજ્ઞાન દશા ! કેટ-કેટલી વીતરાગ ધર્મના સનાતન સિદ્ધાન્તોની અવહીલના !

'આત્મધર્મ'ના તે અંકમાં તેઓ લખે છે;

'દેહની ક્રિયાથી કે રાગ ભાવથી જેઓ આત્માનો ધર્મ માને છે, તેઓ આત્મસ્વરૂપને જાણનારા નથી' [ પૃ૦ ૧૦૩, ફકરો ૧૦૦: ]

આ લખાણમાં કાનજીસ્વામી, પ્રશસ્તરાગ તેમજ જિનેશ્વર દેવના શાસનમાં વિહિત ગણાતી ધાર્મિક ક્રિયાઓ, અનુષ્ઠાનો ઇત્યાદિની સ્હામે કટાક્ષ કરી તેના આચરનારા કે ઉપદેશનારાને 'અજ્ઞાની' કહેવાની ધૃષ્ટતા કરી રહ્યા છે. આ બધાનો મૂળ મુદ્દો એ જ છે કે, જૈનશાસનમાં પરાપૂર્વથી ચાલી આવતા ધર્માનુષ્ઠાનો જેને શ્વેતામ્બર સંપ્રદાયોમાં સુવિહીત નિર્ગ્રન્થ સાધુપુરૂષો ઉપદેશી-પ્રચારી રહ્યા છે, તેને કોઇ પણ રીતે હલકા પાડી, અધર્મરૂપે જાહેર કરી, જૈનસમાજના ભોળા લોકોને પોતાના વાડા-સંપ્રદાયમાં ભેળવવાને સારૂ કાનજીસ્વામીને આ રીતે રમતો રમવી પડે છે.

સ્વામીનું ઉપરોક્ત લખાણ કેટલું બેહુદુ અને અર્થશુન્ય છે ! પોતાના આશ્રમમાં દિન-રાત કેવળ દેહની ક્રિયાઓ જ ગતાનુગતિક પ્રવાહે આચરાઇ રહી છે, છતાં તેને આચરનારા બધા ગાડરોને સ્વામીજી, પોતે આત્માર્થી, જિજ્ઞાસુ, મુમુક્ષુ, ઇત્યાદિ વિશેષણોથી નવાજે છે, તથા 'આત્મધર્મ' પત્રમાં તે બધા સ્વામીજીના શિષ્યોની પ્રવૃત્તિઓના લાંબા-લચ હેવાલો નિયમીત પ્રગટ થયા કરે ! આ દંભ નહિ તો બીજું શું ?

દેહક્રિયા ન હોય અને પ્રશસ્તરાગ સર્વથા ન હોય, એવી કઇ પ્રવૃત્તિ છે કે જે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં ઉપયોગી થતી હોય ! એ હકીક્ત સ્પષ્ટ દિવા જેવી છે કે, જ્યાં સુધી આત્મા, સંપૂર્ણ આત્મદશા-સિદ્ધભાવને પામ્યો નથી, ત્યાંસુધી જે દેહની ક્રિયાથી પોતે બંધાયો છે, તેજ દેહની ક્રિયાથી તે સંપૂર્ણ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી, મુક્ત બનશે. આ સિવાય આત્મજ્ઞાન કે આત્મસાક્ષાત્કાર કરવાને સારૂ અન્ય કોઇ સાધન નથી.

તપ, જપ, સ્વાધ્યાય કે કર્મનિર્જરાના જે જે બાહ્ય કે અભ્યંતર ભેદો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તે બધાય ભેદો દેહની શુભક્રિયાઓદ્વારા જ આચરાય છે, આ હકીક્ત; કાનજીસ્વામી શામાટે ભૂલી જાય છે વારૂ ?

અરે, સોનગઢ આશ્રમમાં નિરંતર કુંદકુંદાચાર્ય પ્રણીત સમયસાર, પદ્મનંદીકૃત જિનવરસ્તોત્ર, અષ્ટપ્રાભૃત વગેરે ગ્રન્થોનો પાઠ-સ્વાધ્યાય ચાલે છે, આ શું દેહની ક્રિયા નથી કે ? પોતે દરરોજ પ્રવચનો આપે છે, લાંબા લાંબા હાથ કરી ત્યાં આવનાર ભાઇ-બ્હેનોને આકર્ષવા માટે જે વાણીવિલાસ ખેલી રહ્યા છે; આ બધી દેહની ક્રિયા છે કે બીજું કાંઇ ? તદુપરાંત ખુદ કાનજીસ્વામીના ભક્ત સ્ત્રી-પુરૂષો, તે આશ્રમમાં રહી પ્રવચનો સાંભળે છે, ચર્ચાઓ કરે છે અને કાનજીસ્વામીને આહાર-પાણી, વસ્ત્ર, ઉપકરણ, સોના-ચાંદીના પૂંઠામાં મઢેલ સમ-

ચસારનાં પુસ્તકો વગેરે વહોરાવે છે, આ દેહની ક્રિયા કે આત્માની? વારૂ, કાનજીસ્વામી જવાબ આપશે કે, 'શું આત્મા ક્રિયા કરે છે? આત્માનો સ્વભાવ જ્ઞાન સ્વરૂપ છે કે અજ્ઞાનસ્વરૂપ? આત્માને પુસ્તકાદિના પાઠો વાંચવા–બોલવાના હોય કે? વાંચવા–ભણવાની કે સાંભળવાની ક્રિયા, સચ્ચિદાનંદરૂપ અનન્ત જ્ઞાન સાગર આત્માને હોઇ શકે કે? આ બધી દેહની ક્રિયા નહિ તો કોની?

માટે કબૂલવું જોઇએ કે, આત્મા જ્યાંસુધી કર્માધીન છે અને દેહાશ્રિત છે ત્યાંસુધી દેહ યુકત આત્માને દેહ દ્વારા બધી પ્રવૃત્તિઓ આચરવી પડે, આ પ્રવૃત્તિઓ જેટલી શ્રી જિનેશ્વરદેવના શાસનની આરાધનાના માર્ગે થઈ રહી છે તે આત્માના કલ્યાણને કરનારી છે તથા જેટલે અંશે શ્રી જિનેશ્વરદેવના ધર્મનો રાગ છે તે શુભ–પ્રશસ્ત રાગ છે. પરિણામે આત્માને સંસારનાં બંધનોથી મુકત બનાવી, આત્માને સુવિશુદ્ધ બનાવે છે. આથી ધર્મ, ધર્મગુરૂ કે દેવ તેમ જ ધર્મસ્થાનો પ્રત્યેનો રાગ, તેની ભક્તિ, સેવા, શુશ્રુષા વગેરે પ્રવૃત્તિ, ઉપાદેય કોટિમાં ગણાય છે. અને તે પ્રશસ્ત રાગ હોવાથી દરેક આત્માર્થી આત્માઓ માટે આદરણીય છે.

પણ 'મારૂં તે સાચું અને પારકું તે ખોટું'– આપકી લાપસી ઔર પરાઇ કુસકી'ના નાદે ચઢેલા કાનજીસ્વામીને આ બધું ન સમજાય, એમાં એઓની પોતાની માનસિક નબળાઇ, દંભ તેમ જ માનાભિલાષ ઉઘાડે છોગે જણાઇ આવે છે.

વધુમાં 'આત્મધર્મ'ના આ અંકમાં સોનગઢ ખાતે મળેલા વિદ્વત્પરિષદના ત્રીજા અધિવેશનની જે વિગતો પ્રગટ થઇ છે. જેમાં કાનજીસ્વામીના ગુણગાન દિગંબર વિદ્વાનોએ ગાયા છે, અને તે વિદ્વાનોના ગુણાનુવાદ, કાનજીસ્વામીના અનુયાયીઓએ કર્યા છે. જે; **'अहो रूपमहोध्वनिः'** ના નાટકની પુનરાવૃત્તિ કહી શકાય તેમ છે.

'આત્મધર્મ'ના ચૈત્રી અંકમાં પ્રસિદ્ધ થયેલ દિ૦ વિદ્વત્પરિષદના એ અહેવાલની વિસ્તૃત વેધક સમીક્ષા આગામી અંકે!


# સદ્ધરતા

**ગ્રેશમ જીંદગીના વિમા કંપનીને સ્થપાયે લગભગ એક સદી, અને હિંદમાં કામ શરૂ કર્યે લગભગ અડધી સદી થઇ. આ લાંબા સમયના નિકટ પરિચયથી ગ્રેશમ ન્હાના-મ્હોટા તમામ પોલીસી ધરાવનારાઓના વર્તમાન તથા ભાવી હિતનો સંપૂર્ણ અભ્યાસ કરી શકી છે.**

**કુલ અસ્કયામતઃ—**
**રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦**

**વાર્ષિક આવકઃ— લગભગ**
**રૂા. ૨,૦૦,૦૦,૦૦૦**

# ગ્રેશમ

## જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

**સ્થપાઇ સને ૧૮૪૮ માં**

**હિંદ, બર્મા અને સીલોન માટેની**
**વડી ઓફીસ—**

**ગ્રેશમ ઇન્સ્યુરન્સ હાઉસ,**
**સરફીરોજશાહ મહેતા રોડ–મુંબઇ.**

| | |
|---|---|
| **નરહરિ એમ. ઓઝા** | **ડી. એસ. સુરતી** |
| ઓરગેનાઇઝર | ડીસ્ટ્રીકટ મેનેજર |
| **પાલીતાણા.** | પો. બો. નં. ૬૦ |
| [કાઠીઆવાડ] | ભદ્ર, **અમદાવાદ.** |



# છેલ્લી કલમે

## : પ્રાસંગિક નોંધ :

### શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

[ પ્રચાર સમિતિ ]

અટવાતું જગત અવળામાર્ગે ઘોડાપુરવેગે વહી રહ્યું છે, જડવાદ, બુદ્ધિવાદ, સમાજવાદ અને તર્કવાદ જેવા વાદોનું સામ્રાજ્ય સ્થપાતું જાય છે ત્યારે માનવસમાજ તે વાદોના કુંડાળામાં ગુંગળાતો જાય છે. આધ્યાત્મિક, નૈતિક અને ધાર્મિકજીવન નીચે ઉતરતું જાય છે; આવા સમયે સંસ્કારવૃક્ષને ફાળી–ફુલી રાખનાર ધર્મશિક્ષણનો પ્રચાર ખૂબ વેગ માગે છે.

કંઈક કરી છૂટવાની ભાવનાથી હમણાં શ્રી જૈન શ્રેયસ્કર મંડળે તે દિશામાં ચક્રો ગતિમાન કર્યાં છે અને તેના પેટાભેદરૂપે એક પ્રચાર સમિતિ નીમી છે. તે સમિતિએ દેશભરના જૈન સદ્‌ગૃહસ્થોની સભ્ય તરીકે નોંધણી કરી છે. લગભગ ૪૦૦ સભ્યો થયા છે. તે સભ્યોનું સંમેલન મહેસાણા ખાતે ગયા ચૈત્ર શુદ ૭–૮ ના રોજ બોલાવવામાં આવ્યું હતું. તે સંમેલનમાં પ્રચાર સમિતિએ ઘડેલી યોજના રજૂ કરી હતી. યોજના વિસ્તૃત હોવાથી તેનું અવતરણ કરવું અશક્ય છે. ૧૫ લાખની એક ભવ્ય યોજના ઘણી સુંદર છે એમ કહેવામાં જરાપણ વાંધો નથી. પણ સાથે–સાથે તે યોજના પાર પાડવામાં તેટલીજ મુશ્કેલી છે. કાર્યકુશળ કાર્યકર્તાઓ કેડ બાંધી કટીબદ્ધ થશે અને યોજના પાર પાડવામાં સતત જાગ્રત રહેશે તો કાળા માથાના માનવી માટે કાંઇ અશક્ય નથી. ભવ્ય યોજના જલ્દિ પાર પડો એજ અદના સેવક તરીકે મારે ઇચ્છવું જોઇએ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળની લોકપ્રિયતા અને ખ્યાતિ જગપ્રસિદ્ધ છે અને તે દ્વારા કાર્યની શુભ શરૂઆત તે, માનવીને આશાસ્પદ પરિણામમાં ખેંચી જાય છે. યોજનાઓ ઘડીનેજ બેસી રહેવામાં આવે તો જેમ બીજી સંસ્થાઓ માટે બને છે તેમ આ સંસ્થા માટે પણ બને; પણ આ સંસ્થાએ બોલવા કરતાં કરી બતાવ્યું વધારે છે, એટલે ઠરાવો કે યોજનાઓ કાગળના પાના પરજ નહિ રહે એવી આપણને શ્રદ્ધા રહે છે.

યોજનાની મહેલાતનું ચિત્રામણ ઘણું મોટું છે, એટલે તેના માટે તેટલાંજ તન, મન અને ધનની જરૂર રહેશે. નિખાલસભાવે સૌ કોઇ સહકાર આપવાની વૃત્તિ દાખવે અને શક્તિ અનુસાર પોતાનો ભોગ આપે તોજ આ કામ પાર પડે તેવું છે. પક્ષાપક્ષમાં ખેંચાઇ જઇ આ કામ મારૂં નથી અથવા તો એકજ અવાજે અપનાવી લેવા જેવા કાર્યમાં પણ પૂર્વગ્રહની ગંધ આવે તો કાર્યની સફળતા અને સરળતા ગુંગળાઈ જવાનો ભય રહે છે; એટલુંજ નહિ પણ યોજના પાર પડવી મુશ્કેલ છે.

ફલાણા ભાઇએ આ કામ હાથ લીધું છે તો આપણાથી કેમ સાથ અપાય? આ જાતની મનોવૃત્તિ જૈનસમાજને અધઃપાતના માર્ગે ખેંચી જનારી છે. સૌકોઇને સમ્મત અને સમાજને એકાંત ઉપકારક યોજના માટે તો દરેકજણે ખડે પગે અને સંગઠીતપણે ઉભા રહેવાની જરૂર છે. કેટલીક વખત આમ નથી બનતું એથી કેટલાક સુંદર કાર્યો પણ ખોરંભે પડે છે અને પરિણામે જૈનસમાજને શોષવું પડે છે અને પડયું છે.

એટલી વાત બી સાચી અને જરૂરી છે કે, શુભકાર્યની શરૂઆત કરનારા મોવડીઓ પણ કાર્યકુશળ અને

સમાજના પ્રતિષ્ઠિત ગૃહસ્થો હોવા જોઇએ અને તોજ સમાજ તેમના ઉપર વિશ્વાસ મુકી શકે, જે તે માણુસ જે તે કાર્યમાં માથું મારે અને સમાજનો સહકાર માગે તો તે ન જ મળે તે પણ બનવાજોગ છે.

મારી તો સૌકોઇને એકજ નમ્ર વિજ્ઞપ્તિ છે કે, જૈનસમાજ આજે અધઃપતનની ઉંડી ખાઈમાં ધકેલાતો જાય છે તો સૌકોઈ એક સમ્મત થઇ, આવાં સુંદર કાર્યો કરવા કમર કસો અને આર્યસંસ્કૃતિ અને આર્યશાસ્ત્રોનો ખુબ ખુબ ચોમેર પ્રચાર કરવામાં લાગી જાઓ. આજનો સનય આ છે. આજે નહિ સમજીએ તો વહેલું-મોડું સમજવું તો પડશે. પણ તે ઘણું મોડું થઈ ગયું હશે અને જેટલું મોડું થશે તેટલું આપણે સહન કરવું પડશે.

અંતિમમાં, પ્રચાર સમિતિની યોજનાને વધાવી લઇ તેનું વાતાવરણ ગૂંજતું કરવા સૌ કોઇ ઘટતો પ્રચાર-પ્રયત્ન આદરો એજ એક અભ્યર્થના.


## અમારાં ધાર્મીક પ્રકાશનો:

| | | |
|---|---|---|
| સામાયિક સૂત્ર-ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૧-૮-૦ |
| દેવસીરાઇ સૂત્ર-ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૩૫-૦-૦ |
| પંચપ્રતિક્રમણુ મૂળભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૨૫-૦-૦ |
| બે પ્રતિક્રમણુ સાર્થ કોર્શ સાથે | ૧૦૦ ના | ૧૬૦-૦-૦ |
| પોકેટ પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૩૫-૦-૦ |
| પૂજા સંગ્રહ ભા. ૧-૯ | ૧૦૦ ના | ૪૦૦-૦-૦ |
| નિત્ય પ્રકરણુ સ્વાધ્યાય સંગ્રહ | ૧૦૦ ના | ૪૦૦-૦-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક—ક્રિયાનાં સૂત્રો | ૧૦૦ ના | ૫૦-૦-૦ |
| મહામંગલિક નવસ્મરણુ | ૧૦૦ ના | ૩૦-૦-૦ |

**માસ્તર રતિલાલ બી. શાહ**
ડોશીવાડાની પોળ; સિમંધર સ્વામીનો ખાંચો
**અમદાવાદ.**

તા. ક. ફક્ત બે માસ માટે અમદાવાદના એક ગૃહસ્થ તરફથી ઉપરનાં પુસ્તકો, ઉપર કરતાં પણુ ઓછી કિંમતે આપવાનાં છે.


## પુણ્ય ઉપાર્જન કરો !

### સિંધપ્રાંતના ઉમરકોટમાં ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમા નીકળી

**ઉમર કોટ [ સિંધ ] શ્રી જૈન સંઘ તરફથી શ્રી રૂપચંદ કપુરચંદ નિવેદન કરે છે કે, ઉમરકોટમાં તા. ૨૦ ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે કુવો ખોદતાં શ્રી સંભવનાથ ભગવાનની ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમાજી નીકળ્યાં છે. ઐતિહાસિક તપાસ કરતાં માલુમ પડ્યું છે કે, જે જગ્યાએથી પ્રતિમાજી નીકળ્યાં છે તે જગ્યાએ પ્રાચીન જૈન મંદિર હોવું જોઇએ.**

ઉમરકોટની એક વખત જાહોજલાલી હતી. જૈનોનાં ૨૫૦-૩૦૦ ઘર હતાં. આજે જૈનોનાં ફક્ત આઠ ઘર અને એક પ્રાચીન જિનાલય છે. જેનો જિર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર ઉભી થઇ છે, જિનાલય જિર્ણ હાલતમાં છે.

સંઘે એક જિર્ણોદ્ધાર કમીટી નીમી છે. તેની દેખરેખ નીચે જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

**અમારા તરફથી જિર્ણોદ્ધાર કમીટીના મેમ્બર તથા શ્રી દેવન્દ્રસાગરજી આદિ ટીપને માટે બહાર નીકળ્યા છે. તો શ્રીમંત દાનવીર મહાશયો તન, મન અને ધનથી સહાયતા કરી પુણ્ય ઉપાર્જન કરશે.**

સહાયતા મોકલવાનું ઠેકાણું
**શેઠ ચુનિલાલજી ભૈરવદાસજી**
ઠે. ભાવરોકા ચોક મુ. **હાલા;**
જિ, હૈદ્રાબાદ. N. W. Ry

નિવેદક
**શેઠ રૂપચંદ કપુરચંદ**
**ઉમરકોટ** [ સિંધ ]

સહાયતા મોકલવાની બ્રાંચ ઓફીસ
**શ્રી ચિંતામણુલાલ ભણુશાલી**
મુનીમ; **ચાંદભુવન પાલીતાણા.**
[ કાઠિઆવાડ ]

## : : विखरे फूल : :

(१) भोगोंसे भोगकामनाकी तृप्ति कभी नहीं हो सकती। जैसे अग्निमें घीकी आहुति पडनेसें अग्नि बढती है, वैसे हो भोगोंकी वृद्धिसे भोगकामना बढती है।

(२) भोगकामना जन्मसे लेकर मृत्युकालतक मनुष्यके पीछे लगी रहती है और विच्छूके डंक मारने की भांति निरन्तर ऊसे पीडित करती रहती है।

(३) भोगकामनासे छूटना हो तो भोगोंकी वृद्धिके फेरमें न पडकर भोगोंका तिरस्कार करना चाहिये।

(४) मनको पवित्र और संयत करनेका एक बडा सुन्दर और सफल साधन है सत्संगमें रहकर निरन्तर महान पुरुषोकी अतुलनीय महिमा और पवित्र कथाओंका सुनना और फिर उनका भलीभांति मनन करते रहना।

(५) साधु पुरुषोकी महिमा और लीला-कथाओंके सुनते रहनेसे हृदयके सारे पाप धुलकर वह निर्मल हो जाता है। पाषाण-हृदयकी कठोंरता भी गल जाती है और असाधु स्वभावमें विलक्षण परिवर्तन होकर सच्ची साधुता आ जाती है।

(६) भगवान्का मङ्गलमय मधुर गुणगान सुनते और करते समय जिसका चित्त तदाकार हो जाता है, शरीर पुलकित हो जाता है गला भर आता है और नेत्रोंसे शीतल जलकी धारा बहने लगती है, वही पुरुष धन्य है।

(७) सच्चा ज्ञान तो वही है जो आचरणमें उतर आया हो। नहीं तो, ग्रन्थोंके रट लेनेसे क्या होता है। गधा चन्दनका भार ढोता ह पर उसे उसके महत्वका कुछभी पता नहींहोता

(८) जैसे स्नेहमयी माता बच्चेकी करुण पुकार सुनते ही दौडती है और उसे मलमें भरा देखकर अपने हाथों उठाकर धोती, साफ करती नहलाती और सुन्दर वस्त्र पहनाकर हृदयसे लगा लेती है, वैसे ही अनन्त स्नेह-सुधा-समुद्र भगवान् भी तुम्हें अपने हाथों विशुद्ध बनाकर हृदयसे लगानेको तैयार है। बस, निर्भरतायुक्त अनन्य पुकारकी आवश्यकता है।

(९) दूसरेंाकी उन्नति और सुख-सम्पति न देख सकना बहुत बडा दोष है। इसमें महान् नीच वृत्ति और चरम सीमाका स्वार्थ भरा होता है। वह भाग्यवान पुरुष है जो दूसरोंकी सुखसम्पति देखकर प्रसन्न होता है।

(१०) अपनी न्यायकी थोडी कमाइपर भि प्रसन्न होना चाहिये और दूसरेकी कभी आशा नही करनी चाहिये।

(११) अपनेको किसी भी क्षेत्रमें बडा दिखलानेकी चेष्ठा नही करनी चाहिये। जो बडा दिखलानेके फेरमे पड जाता है, वह वस्तुतः कभी बडा बन नहीं सकता।

---


## શ્રીનિત્યસ્વાધ્યાય પ્રકરણસંગ્રહ

જેમાં નવસ્મરણો, ચાર પ્રકરણો, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, મોટી સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાનાં સૂત્રો, ઋષીમંડલ સ્તોત્ર, ચઉશરણ, આઉર પચ્ચકખાણ, ઈન્દ્રિય પરાજય, વૈરાગ્ય શતક, સિન્દુર પ્રકર, ગૌતમ સ્વામીનો રાસ વગેરેનો સંગ્રહ છે.

પાકું બાઇન્ડીંગ, સુંદર કાગળ, સ્વચ્છ છાપકામ, મૂલ્ય ૨-૮-૦ પોષ્ટેજ અલગ

૧ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ડોશીવાડાનીપોળ સામે-અમદાવાદ

૨ સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર—પાલીતાણા.

આ કોઇ પુસ્તકના ઉધ્ધૃત કરેલા ફકરાઓ નથી પણ પ્રસંગે ઉદ્દ્ભવેલા વિચારો છે

# નોંધપોથી; પાનું ૧ લું:

શ્રી સૌમ્ય

એક વખત લખવા બેઠો હતો ત્યાં મનમાં આકસ્મિક રીતે વિચારસ્ફુરણ થયું કે, હે આત્મા! આ બધું તો અહીં મૂકીને જવાનું છે તો આ બધું કોના માટે કરે છે? જો કંઇપણ આત્મસાધન ન થયું તો થોડા દિવસનો મેમાન એવો તું, પરલોકમાં કઇ ગતિ પામીશ? દુનિયાદારીનું કરેલું બધું અહીં રહી જશે, અને ખાલી હાથે પરલોક સિધાવવું પડશે.

× × ×

જીવનની કલુષિતતા આત્મશાન્તિને હણે છે. જીવનમાં તૃષ્ણાઓ ઓછી થાય તો દુઃખ નથી. જીવનની જરૂરીઆતો વધારી દુઃખ વધાર્યું છે, એમ ઉપકારી મહાપુરુષો જ કહે છે એમ નહિ પણ કોઇ વખત જાત અનુભવ પણ તે જ કહે છે.

× × ×

બપોરના પોણા ત્રણ વાગે વિના પ્રવૃત્તિએ બેઠો હતો. વિચારો ઉપર વિચારો મગજ પર આવી પસાર થતા હતા. 'બહુ બોલવામાં લાભ છે કે નહિ?' તે વિચાર આવ્યો. મારો સ્વભાવ બહુ ઓછું બોલવામાં ટેવાએલો છે. બોલકણા માણસો વચ્ચે સમય પસાર કરવાનો વખત આવે ત્યારે મુશ્કેલી પણ નડે છે. વિદ્વાન માણસોનું કહેવું છે કે, 'સાંભળવું ઘણું પણ બોલવું બહુ ઓછું', એટલે કે જરૂર પુરતું; એક બાજુ પત્રકારો જા.+ખ.માં લખે છે કે, 'બોલે તેનાં બોર વેચાય' જ્યાં ત્યાં બહુ બોલવાની અને માથાકૂટ કરવાની ટેવ સિવાયનો માણસ, બોલકણા માણસોમાં ભળી શકતો નથી તે જાત અનુભવ છે. મુશ્કેલીઓ નડતી હોવા છતાં મારી ટેવ મને વધુ પ્રિય છે. દ્રઢ માન્યતા બંધાએલી છે કે, બહુ બોલવામાં લાભ કરતાં નુકશાન વધારે છે.

× × ×

મારા લખાણમાં કોઈ માથું મારી વાંચવા પ્રયાસ કરે અથવા પડેલી ટપાલને લઇ વાંચવા માંડે તો મારૂં મન દુઃખાય છે. કોઈ વખત તો સારા માણસને પણ રોકડું કહી દેવુ પડે છે કે, માફ કરો! કોઇનું લખાણ કે ટપાલ વગર આપ્યે વાંચવાની ઇંતેજારી રાખવી તે ટેવ સારી તો નથી, મેં જોયું છે કે, ઘણાની ટેવ એવી હોય છે કે, ત્રાંસી નજરે પણ સામો માણસ શું લખે છે તે વાંચવા ખૂબ આતુર હોય છે. આવી ટેવવાળાને કોઈવખત અપમાનિત થવું પડે છે.

× × ×

સારા ગણાતા માણસો પણ ટાઇમનો દુરુપયોગ વધુ કરતા જણાય છે. શા માટે ટાઇમને નકામો ગાળવો જોઇએ. કાંતો ગામ-ગપાટા હાંકી, કાંતો કોઈની નિંદા-કુથળી કરી અથવા તો અલક-મલકની વાતો કરી ટાઇમ પસાર કરે, પણ પોતાના જીવનવિકાસ કાજે સમયનો સદુપયોગ કરવાનું ઘણાને સૂઝતું નથી. કેટલીક વખત આવા માણસો બીજાને પણ અંતરાયભૂત બને છે, કંટાળો આપે છે.

× × ×

પારકાના દોષની ટીકા કરવાનું મન ઘણાને થાય છે પણ પોતાના દોષની સામે નજર પણ કરવાની પુરસદ હોતી નથી. કોઇનો દોષ જોઇને કે સાંભળીને આપણે બબડીએ છીએ. પારકાના દોષ જોવા કરતાં પોતાના દોષ જોવા એ પોતાના માટે વધુ હિતાવહ છે. પારકાના દોષ જોવાથી પોતાના દોષ જતા નથી બલ્કે વધે છે.

× × ×

એક વખત ભોજનશાળામાં હું જમતો હતો. મારી પંગતમાં એક શ્રીમંત લેખાતું કુટુંબ જમતું હતું. સાથે તેમનો નોકર બેઠો હતો. ભોજનશાળામાંથી રોટલી ચોપડીને આવે પણ શેઠે બે આનાના ઘીનો ઓર્ડર આપ્યો. ઘીની વાટકીમાંથી આખા કુટુંબે ઘી લઈ વાટકી ખાલી કરી પણ નોકરને આપવા જેટલી ઉદારતા શેઠમાં મેં ન જોઈ. ખરેખર, મને દુઃખ થયું કે, માણસાઇના દીવા ઓલવાતા જાય છે.

× × ×

એક વખત ટ્રેઇનમાં હું સુરત જતો હતો. ટ્રેઇનમાં ભાતભાતના માણસોની સ્ટેશન આવે ચડ-ઉતર થતી હતી. હું બેઠો હતો તેના પાછલા પાટીઆ પર એક બુઢો રબારી તાવ આવેલો હોવાથી સૂતો હતો, તેના સામે એક નવયૌવના રબારણ બેઠી હતી. તેનામાં નિર્દોષતા અને માયાળુતા તરવરતી હતી. રબારણ અને રબારી બન્ને જુદાજુદા ગામનાં હતાં છતાં બાઈના અંતરમાં પોતાના જાત ભાઇ માટેનું બહુમાન હતું. રબારણને ઉતરવા માટેનું સ્ટેશન આવ્યું. બાઈ બોલી કે, "તાવ આવ્યો છે તો આજે અહીં ઉતરી જાઓ; આવતી કાલે જજો." રબારીએ જવાબ વાળ્યો કે, 'ના બાપા!' હિંદના લાડકવાયા માનવીઓમાં હજુ પણ માયાળુતાની લાગણી ટકી રહી છે. ઉંચ કોમમાં આવું જોવા ભાગ્યે જ મળશે.'

× × ×

ટ્રેઈનમાં હું મુસાફરી કરતો હતો ત્યારે ટાઇમ પસાર કરવા છાપું વાંચતો હતો. મારી સામે મુંબઇના હુલ્લડમાંથી નાશી છૂટેલા મુસાફરો બેઠા હતા. મુંબઈની કમાણીથી ખીચાં ભરેલાં લાગતાં હતાં. કોઈ મોટું સ્ટેશન આવે ત્યાં ચાહ, પાન, સીગારેટ, નાસ્તો વિગેરે કરતા. ભાગ્યેજ કોઈ સ્ટેશન આ મુસાફરોના ઓર્ડર સિવાય જતું હતું. મને વિચાર આવ્યો કે, શું આ ભાઈઓ ઘડી-ઘડીમાં ભૂખ્યા થઈ જતા હશે. આપણા હિંદી ભાઈઓમાં એવી ખાસીયતો હોય છે કે, ભૂખ કે તરસ ન હોય તોપણ ગમે ત્યારે અને ગમે તે આરોગવું અને સ્વાસ્થ્યને બગાડવું.

× × ×

ખરેખર ગરીબોની દુનિયા નથી. ટ્રેઇનના ડબામાં પણ જગ્યા હોવા છતાં અને પોતે લાંબા થઈ સૂતા હોવા છતાં સ્ટેશન આવે અને કોઈ ફાટલા-તુટલા કપડાવાળો કે ગામડીઆ પહેરવેશવાળો મુસાફર ચડવા પ્રયત્ન કરે તો, ઝટ બારણા પાસે આવી "જગ્યા નથી" એમ કહી, દાદાગીરી વાપરી બારણાને દબાવી રાખે પણ કોઈ હેટ-કોટ, નેકટાઇ અને પાટલુનમાં સજ્જ થઈ ચડતા બન્ધુને કોઈ અટકાવી શકતું નથી. તે વખતે મોઢું બગાડી મનમાં દુઃભાઈને પણ બેસી રહે છે. દિવસે દિવસે માનવતા આથમતી જાય છે.

× × ×

ચોગરદમ સ્વચ્છંદતા, ઉછૃંખલતા અને સ્વૈરવિહારીપણું વધતું જાય છે છતાં સમાજ પ્રગતિમાં આગેકૂચ કરી રહ્યો છે એ જાતની ગાંડી માન્યતા ફેલાઇ રહી છે. એ માન્યતાને ફેલાવનારાઓ અને પ્રચાર કરનારાઓ પણ તે ટાઈપનાજ હોય છે.

× × ×

આગ, લુંટ-ફાટ, ખૂના-મરકી, ધર્મભ્રષ્ટતા, મા-દીકરીઓનાં અપહરણો અને અત્યાચારો આ બધું ભારતની પૂણ્યભૂમિ પર ન બનવા જેવું બની રહ્યું છે પણ શાથી આ બની રહ્યું

# શીલની સુવાસ

**પૂ૦ પંન્યાસ શ્રી પ્રવિણવિજયજી મહારાજ**

: ૧ :

સ્થુલિભદ્રજી મહારાજનું ચોરાશી ચોવીશી (અસંખ્યાતા વર્ષો) સુધી નામ કાયમ રાખનાર જો કોઈ અપૂર્વ ચીજ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્ય જ છે.

: ૨ :

સોનાની લંકામાં ગર્વિષ્ટ બનેલા રાવણ જેવા રાજવીને પણ તણખલાસમ ગણનાર સીતા માતાનું નામ પ્રાતઃકાલે જગત સ્મરણ કરતું હોય તેમાં પણ તેમના શીલનોજ પ્રભાવ છે.

: ૩ :

રાણીઓના અંતેઉરમાં ગમે તે સમયે નારદજીને પ્રવેશ કરવાનો હક આપનાર કોઈ હોય તો તેમનામાં રહેલો એક બ્રહ્મચર્ય નામનો ગુણજ છે.

: ૪ :

ચોરાશી હજાર મુનિ મહારાજને આહાર આપવો અને વિજય શેઠ અને વિજયા શેઠાણીને જમાડવા એ બે વસ્તુને એક સરખી કક્ષામાં કોઇ મુકનાર હોય તો તેમણે જીવન-પર્યંત પાળેલ બ્રહ્મચર્ય સિવાય અન્ય શું છે?

: ૫ :

શુલિને સિંહાસનના રૂપમાં, સર્પને પુષ્પમાળાના રૂપમાં અને અગ્નિને પાણીના રૂપમાં પલ્ટો ખવડાવનાર જો કોઇ મંત્રતંત્ર અગર તો પરમઔષધ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્યજ છે.

: ૬ :

દેવ, દાનવ, ગંધર્વ, કિન્નર આદિ પરમશક્તિસંપન્ન દેવોને પણ પગમાં ઝુકાવનાર તથા દાસત્વ સ્વીકારી ખમા–ખમા કરાવનાર જો કોઈપણ જબરજસ્ત કીમીયો હોય તો તે માત્ર બ્રહ્મચર્યજ છે.

: ૭ :

પાંચ મહાવ્રતોમાં જો કોઇ વ્રતે સમુદ્રની ઉપમા પ્રાપ્ત કરી હોય તો તે માત્ર બ્રહ્મચર્ય નામના ચોથા વ્રતે જ પ્રાપ્ત કરી છે.

: ૮ :

જગતમાં સિંહ અને હાથીઓનો ચૂરો કરનારા નિર્દય તથા નામધારી બહાદુરો અનેક મલી રહેશે; પરન્તુ કામદેવનો ચૂરો કરનારા કોકજ વીરલા હશે. માટેજ તે વ્રતની બોલબાલા છે.

: ૯ :

સ્ત્રીના સંભોગથી જે માનવીઓ કામ-જ્વરને શાન્ત કરવા ઇચ્છે છે, તેઓ અગ્નિને બુઝાવવા માટે તેમાં ઘીની આહુતિ આપવાની ગાંડી ચેષ્ટા કરી રહ્યા છે.

: ૧૦ :

વિષયોના ભોગવટાથી વિષયોની

---

છે અને તે રોગચાળો ફાટી નીકળવામાં ક્યાં કારણો કામ કરી રહ્યાં છે તેના મૂળમાં જ્યાંસુધી ખરી રીતે ન ઉતરવામાં આવે અને જનતાને સાચો રાહ ન બતાવવામાં આવે ત્યાંસુધી આ પરિસ્થિતિ સુધરવાનો અવકાશ ઓછો રહે છે.

× × ×

હિન્દુ, મુસલમાન, ઢેઢ. ભંગી વગેરે પોતાના સર્કલમાં રહી એક બીજાના સારા-નરસા કાર્યમાં ઉભા રહેતા. આજે બધાને એક પાટલે બેસાડવા જતાં ઉલ્ટી મથામણ વધી પડી અને જાત–જાતનાં વૈર–ઝેર વધી પડયાં. બાર ભૈયા અને તેર ચોકા જેવી પરિસ્થિતિ હિન્દમાં ઉભી થઇ.

શાંતિ થાય છે, એ માન્યતા ભૂલભરેલી છે. વિષયોનો ભોગવટો તો દિનપ્રતિદિન વિષયો પ્રત્યેની ઈચ્છાને ઉત્તેજીત કરે છે. વિષયોનો જીવનમાં સદંતર ત્યાગ એજ વિષયોની તૃપ્તિનો રામબાણ ઇલાજ છે.

: ૧૧ :

અગ્નિથી ધગધગતા સ્થંભને બાથ ભીડવી સારી. પરન્તુ નરકની બારીસમ પરસ્ત્રીનો સમાગમ અને સ્ત્રીઓ માટે પરપુરૂષનો સંયોગ અત્યંત દુઃખદાયી છે.

: ૧૨ :

ક્ષણિક સુખોને આપનારા અને શરૂઆતમાંજ માત્ર સુંદર પરન્તુ પરિણામે અત્યંત દારૂણ વિપાકને આપનાર અબ્રહ્મને સુજ્ઞ માણસોએ પહેલી તકે તિલાંજલી આપવાની જરૂર છે.

: ૧૩ :

જે માનવીઓના હૃદયમાં સ્ત્રીઓએ પગપેસારો કર્યો તેના હૃદયમાંથી મનોહર ગુણોનો સમુહ તરતજ વિદાયગિરી માંગી લે છે.

: ૧૪ :

ધારેલી ધારણા બર લાવનાર, મંત્ર-તંત્રને ફળીભૂત કરનાર, જગતમાં જશનો ડંકો બજાવનાર અને દેવના સાનિધ્યને પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્યજ છે.

: ૧૫ :

મનમાં કાંઈ, વચનમાં કાંઇ, અને ક્રિયામાં કાંઇ એવી વેશ્યા સ્ત્રી શી રીતે સુખના માટે થાય ? એ ડાહ્યા માણસોએ વિચારવા જેવું છે.

: ૧૬ :

સોનાના દહેરાસરને બંધાવનારના કરતાં પણ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારો અધિક ગણાય છે, તેવા વ્રતની મહત્તા માટે વધારે શું લખવાનું હોય ?

: ૧૭ :

એકજ વખતના વિષયભોગમાં નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય, અસંખ્યાતા બેઈદ્રિય જીવો અને સમૂર્ચ્છિમ જીવોની જેમાં ઘોર હિંસા થતી ભગવાને જોઈ છે, તેવી હિંસક પ્રવૃત્તિને છોડી દેવામાં કયા સુજ્ઞ સ્ત્રી–પુરૂષો વિલંબ કરે ?

: ૧૮ :

અન્ય કાન્તાઓમાં અત્યંત આસક્ત આત્માઓ, તિર્યંચપણું, નપુંસકપણું અને દુર્ભાગ્યપણું ભવોભવમાં પ્રાપ્ત કરે છે, માટે કલ્યાણકાંક્ષી આત્માઓએ અન્ય સ્ત્રીઓનો સંગ દૂરથીજ છોડવો જોઈએ.

: ૧૯ :

વિષયાધીન આત્માઓ વિષયની ક્ષણિક મજામાં એવા પાગલ બને છે કે, બીચારાઓને આગલની સજાઓનું ભાનજ રહેતું નથી.

: ૨૦ :

ભરેલા તળાવને છોડી દઈ જેમ કાગડો. સ્ત્રીના મસ્તક ઉપર રહેલા ઘડામાં ચાંચ મારે છે તેમ પોતાની સ્વાધીન સ્ત્રીઓને છોડી પરસ્ત્રીઓમાં લંપટ બનનારા કાગસમાન ગણાય છે.

: ૨૧ :

સાચા રૂપવાન તો શીયલ ગુણથી શોભતા સ્ત્રી પુરૂષોજ છે. શીયલ ગુણથી રહિત

રૂપાળા આત્માઓને તો આવળનાં ફુલની ઉપમા આપવામાં આવી છે.

: ૨૨ :

દિવસે ઘુવડો દેખતા નથી, રાત્રે કાગડા દેખતા નથી, પરંતુ કામાન્ધ પુરૂષો દિવસે અને રાત્રિએ પણ અંધજ હોય છે.

: ૨૩ :

મહાન યુદ્ધમાં શસ્ત્રના ઘાને ખમી લેનારા મોટા યોદ્ધાઓ પણ સ્ત્રીના કટાક્ષ ઘા આગળ સાવ કાયર બની જાય છે.

: ૨૪ :

સ્ત્રીઓને આધીન બની, યાવજ્જીવ પૂજવા અને સત્કારવાલાયક માત–પિતાની અવગણના થતી હોય તો તેમાં પણ પુરૂષોની કામાંધતા કારણભૂત છે.

: ૨૫ :

વિષયના સરસવ જેટલા સુખને ખાતર મેરૂપર્વત જેટલા દુઃખોને ઝીલવાની હિંમત કેળવનાર બહાદુર પુરૂષોની સંખ્યા જગતમાં હંમેશને માટે મોટીજ હોય છે.

: ૨૬ :

સિંહની મૂછ, સર્પનો મણી, કૃપણનું ધન, અને ક્ષત્રિયની તલવાર, જીવ ગયા પછીજ પારકાના હાથમાં જાય છે, તેમ સતી સ્ત્રીઓ પણ મર્યા પછીજ પરપુરૂષના હસ્તમાં જાય છે.

: ૨૭ :

દુરાચારી સ્ત્રીપુરૂષો પોતાના ઉત્તમ કુલ-રૂપ સફેદ પટ ઉપર કાળી શાહીનો કુચો ફેરવવાની અધમ કાર્યવાહી કરી ડુચો કાઢી નાખે એવાં દુર્ગતિનાં દુઃખોને નોતરી રહ્યા છે.

: ૨૮ :

આચારો બગડવાથી વિચારો બગડે છે. સારા વિચારોથી સારા આચારો જન્મે છે. સારા આચારો, સદ્‌વિચારો ઉત્પન્ન કરવાનું સાધન છે.

: ૨૯ :

વિષયાધીનતા એ એક કારમી અંધતા છે, કારણ કે તેને આધીન બનેલા આત્માઓ જાત, ભાત, શીલ, વિવેક, વ્યવહાર અને ધર્મ આદિ કાંઇ જોઈ શક્તા નથી.

: ૩૦ :

જેમ બને તેમ વિષયવૃત્તિને તાજી કરનારાં નિમિત્તોથી દૂર રહેવાની જરૂર છે.

: ૩૧ :

બ્રહ્મચર્યનું પાલન દુશ્મનોનો સંહાર કરવા માટે અગર તો દેવાંગનાઓની પ્રાપ્તિ માટે કરવું એ તો સોનાની કલ્લી કાઢી આપી બોર ગ્રહણ કરવા જેવું છે.

: ૩૨ :

વિષય–કષાયોના અભ્યાસી આત્માને વિષય–કષાયોમાં યોજવા એ તો મર્કટને મદિરાપાન કરાવવા જેવું છે.

: ૩૩ :

પોતાની માતા, બહેન, અને સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિથી દેખનારા ઉપર રોષ કરનારાઓએ પોતાની દૃષ્ટિમાં પણ સુધારો કરવો જરૂરી છે.

: ૩૪ :

મદિરા કરતાં પણ વિષયો, વિવેકને વધુ નુકસાન પહોંચાડનાર છે.

............

# પચરંગી મુરબ્બો:

૧

એક શહેરમાં એક મહાત્મા પધાર્યા. સભા જોઇએ એવી નહી એટલે અણસમજુ ઉપદેશ આપતાં મહાત્માએ કહ્યું કે; ભાઇઓ ! એક વખત એવો આવ્યો કે, જંગલમાં **સીતાજીનું હરણ થયું;**

આ વાક્ય સાંભળતાંજ ભાઈ, બહેનો ઉભા થયા. મહાત્મા પૂછે છે કે, " કેમ ઉભા થયા ?" ત્યારે લોકો કહે છે કે, " મહારાજ તો ઘણાએ આવ્યા પણ આપ નવાઈના આવ્યા વળી **માણસ ફીટી પશુ થાય** ? માટે ઉભા થયા અને તેમાં વળી **સીતાજી હરણ થાય** એટલે શું ? "

મહાત્મા સમજી ગયા કે, આતો સમજણ ફેર થાય છે. **સીતાજી હરણ થયા** તેમ નહીં પણ **સીતાજીને ઉપાડી ગયા** સમજ્યાને ? લોકો ભોળા એટલે પુનઃ કહે છે કે, એમ કોનેકે સીતાજીને ઉપાડી ગયા. " **સભા તેવું બોલવું**

૨

એક ગામમાં એક પંડિતજી પધાર્યા. ગામમાં ઢંઢેરો પીટાવ્યો અને કહ્યું કે, " હું સ્ત્રીના નવ લાખ ચરિત્રો જાણું છું અને **સ્ત્રીની સામે આંખ પણ કરતો નથી.** " રાજાએ પંડિતજીને સભામાં બોલાવ્યો અને કહ્યું કે, **" મને સ્ત્રીના ચરિત્રો સંભળાવો ! "**

પંડિતજી હમેશાં ચરિત્રો કહે છે અને રાજા એક પછી એક સ્ત્રી તજે છે; છેવટે અસ્સો નવાણું રાણીઓ તજી. આ વાતની પટ્ટરાણીને ખબર પડવાથી દાસીને કહે છે કે, બોલાવ ! એ પંડિતજીને ! પણ પંડિતજી આવેજ શાના ? હું તો સ્ત્રીના સામે આંખ પણ કરતો નથી. ( પંડિતજીનો જવાબ સાંભળી ) પટ્ટરાણી વિચારે છે કે, દાસી શું કરવું ? " બાઇ સાહેબ ! આતો મહાન પંડિત છે, સમજયાને ? કાલે તમારો વારો પણ આવશે. "

એમ ? લે, આ [૨૦૦] બસોહ મહોર અને પંડિતજીને મળી કેજે કે, " મારીબાઈ **આપને જયારે ફુરસદ મલે ત્યારે બોલાવે છે.** " પંડિતજીને ફુરસદજ નથી, અને વળી સ્ત્રી સામું જોતા પણ નથી છતાં **કંચન લોભીની દશા** ? અને **સ્ત્રી—ચરિત્ર** એટલે ફોરન પંડિતજી તૈયાર થયા અને ઉતાવળા ઉતાવળા તુરતજ રાણીજીના મહેલે દાસી સાથે આવ્યા. રાણી પણ રાજકળામાં કુશળ હતી. પંડિતજીને મીઠીવાણીમાં ફસાવી, પલંગે બેસાર્યા અને કહે છે કે, " પંડિતજી સાહેબ ! સંસાર અસાર છે અને મારે છોડવો છે માટે મહેરબાની કરી છોડવાનો ઉપાય બતાવો. પંડિતજી હસ્યા અને રાણીજીના હૃદયને સમજી ગયા. કારણ; **બાહ્યઅક્ષુદ્ર બનેલ.**

અભ્યંતર **ક્ષુદ્ર** જીવની પ્રપંચજાળ અવસરે જુદી હોય છે છેવટે જમવાની તૈયારી કરી, પંડિતજી ઉતાવળા થયા પણ રાણીજી છોડેજ શાના ? " કેમ ! પંડિતજી ગભરાવછો ? રાજાના તમો માનીતા છો ને ? વળી મેં પણ સેજ સેવા—ભક્તિ કરવા બોલાવ્યા છે તો આમ કેમ ?" રાણીજી ! સંસાર અકારો છે પણ **સંત સમાગમ લીલા** વિના મોક્ષમાં ( વૈકુંઠમાં ) જવાતું નથી. રાણી સમજીકે, બાજી હાથ આવી છે. બીજી તરફ રાજાજીને ટાઇમ થયો અને તપાસ કરતાં પંડિતજીનો પત્તોજ નહીં છેવટે દ્વારપાળના મુખથી સાંભળ્યું કે, પંડિતજી પટ્ટરાણીના મહેલે દાસી સાથે પધાર્યા છે. રાજા લાલચોળ થઈ ગયો અને તુરતજ ખુલ્લી શમશેર કરી રાણીના મહેલે આવ્યો ત્યાં દર-

# મહાસાગરનાં મોતી

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ**

**જ્યાં** સુધી આત્મા વિષય કષાયાદિનો ગુલામ છે ત્યાં સુધી સંસારમાં આત્માને ગુલામી રહેવાની.

**જે** આત્માને કોઇની પણ ગુલામીમાં ન રહેવું હોય તે આત્માએ જિતેન્દ્રિય બની અપ્રશસ્ત કષાયોને જીતી, કર્મોની ગુલામીમાંથી મુક્ત થવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

**વિષય,** કષાય અને કર્મોની ગુલામી ખટકે પણ નહિ અને સ્વતંત્ર બનવું એ કેમ બને?

**સાચી,** સંપૂર્ણ અને કાયમી સ્વતંત્રતા મુક્તિ સિવાય જગતમાં કયાંય શોધી જડે તેમ નથી.

**સંસારરૂપ** કેદખાનામાંથી જેને નીકળવાની ઇચ્છા પણ ન થાય તે સાચી, સંપૂર્ણ અને કાયમી સ્વતંત્રતાને કેમજ પામી શકે?

**સાચી** સ્વતંત્રતા પામેલા પુણ્યાત્માઓ તો આ જગતના તાજ વિનાના બાદશાહો છે. તેઓનું યોગ્ય આત્માઓ સદા સ્મરણ-ધ્યાનાદિ કરે છે.

**સાચી** સ્વતંત્રતા મેળવવા માટે કર્મ-રહિત બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**આજે** તો સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા પોષવાના પ્રયત્નો થાય છે, એ મહાન ખેદનો વિષય છે.

**સ્વચ્છંદ** બનેલા આત્માઓ હરાયા ઢોરની માફક દુઃખી થાય છે, માટે સ્વચ્છંદતાનો

---

વાજા બંધ. **અવાજ પર અવાજ.** રાણીજી દરવાજો ખોલવા તૈયારી કરે છે ત્યાં તો પંડિતજી ગભરાણા અને રાણીના પગમાં પડયા. પંડિતજીને રાણી કહે, નવલાખ કાશીથી ભણીને આવ્યા અને મારી સાથે લીલા રમવા પણ તૈયાર થયા માટે તમે જાણો.

પંડિતજી કહે કે, "માતા સંતાડ તું." તુરતજ હાથ–પગ બાંધી પેટીમાં પુર્યા અને તાળું મારી, ચાવી સંતાડી, દરવાજો ખોલતાંજ રાજા ખુલ્લી તલવારે મહેલમાં પ્રવેશ કરે છે. **કયાં છે એ મીઠો ચંડાળ?** રાણી કહે આ **પેટીમાં,** તુરતજ ચાવીઓનો જુડો લઈ બેસાડે, પેટી પટકે પણ **ચાવી બેસે શાની?** કારણ ચાવી જુદી, પંડિતજી ગભરાણા અને પેટીમાં **પેસાબ થયો ને રેલો** બહાર આવ્યો, રાજાનો ક્રોધ અને રાણીજીનું હસવું "તમે તો મૂર્ખ છો? વળી પંડિત શા અને વાત શી? પેટીમાં પંડિત પુરાય? તમેતો શંકા કરી મોટું નુકશાન કર્યું. કાશીથી લાવેલ ગંગાજળ મારી પેટીમાં ઢોળ્યું અને પાપ મોટું કર્યું."

રાજા વિચારમાં પડયો અને પડેલ પેસાબ ગંગાજળ માની મસ્તકે અને શરીરે ચોળ્યું છેવટે રાજાની વિદાયગીરી અને પેટીમાંથી રાણીજી પંડિતજીને કાઢી પૂછે છે કે કહો, હવે નવી-કળા શીખવી છે કે બંધાનું લોહી પીવું છે? પંડિતજી માંડ છુટયા અને ગાંઠની મહોર પણ ખોઈ માટે વિચાર જાણ્યા સિવાય સ્ત્રીને છેડવી નહી નારી કોઈની થઈ નથી અને થતી નથી

આવા પંડિત તરીકે લીલા જમાવી બેઠેલા ઘણા મઠધારી હાલમાં પણ જોવામાં આવે છે.

ત્યાગ કરવો જોઇએ અને સાચી સ્વતંત્રતા પ્રગટ થાય એ માટે કટીબદ્ધ બનવું જોઇએ.

સાચી સ્વતંત્રતા મેળવવા માટે શ્રી શાલીભદ્રજી અને ધન્નાજી જેવા શેઠીઆઓએ પણ સારી દુનીયાનો ત્યાગ કરી પરમ ગુરૂની આજ્ઞાને આધિન બની ગયા જેથી પરિણામે તે પુણ્યાત્માઓને ન તો આ લોકની ગુલામી રહી અને ન તો પરલોકમાં ગુલામી રહી.

જેઓ અનંત જ્ઞાનીઓની આજ્ઞા માનવા તૈયાર નથી તેઓ સદાય દુનિયાના દાસ બને છે, એ નિ:શંક છે.

દુન્યવી પદાર્થોની મમતા, સ્પૃહા એ પરમ દુ:ખનું કારણ છે અને તે પદાર્થોની નિસ્પૃહતા એ પરમ સુખનું કારણ છે.

વીતરાગતા મેળવવા માટે વીતરાગ પરમાત્મા ઉપર તથા બ્રહ્મચર્યવાન સુસાધુઓ પર ગુણરાગ કેળવવો જોઇએ.

ગુણના રાગી અને દોષના દ્વેષી બન્યા સિવાય કદી સાચા ગુણવાન બનાતું નથી.

ગુણના દ્વેષી અને દોષના રાગી આત્માઓ સંસાર સાગરમાં ડુબ્યા સિવાય રહેતા નથી, એ પણ નિશ્ચિત છે.

વીતરાગ વચનાનુસારી ક્ષમાદિ ગુણો આત્માની ઉન્નતિ કરનારા છે અને કામ ક્રોધાદિ દોષો સંસાર સમુદ્રમાં ડુબાવનારા છે.

વીતરાગના વચનને નહિ અનુસરનારા વીતરાગના વચનને અને અવીતરાગોનાં વચનને સમાન લેખનારા અને મનાવનારાઓ છે, તેઓ અમૃત અને ઝેરને ઓળખી શકયા નથી.

સાચા વિવેકને પેદા કરનારૂં જો કોઇપણ વચન હોય તો એક વીતરાગનું જ વચન છે.

જુઓ નરકનો મહેમાન બનેલો રોહીણીયા ચોર જેવો પણ એકવાર ઇચ્છા રહિતપણે પણ વીતરાગ વચનામૃતનું પાન કર્યું તો તે આ લોકમાં જીવિતદાન પામ્યો અને પરલોકમાં દેવાંગનાના સુખનો ભાગી બન્યો.

શરીર, વસ્ત્ર, અલંકાર, મકાન અને કુટુંબ પરિવાર આદિની વ્યવસ્થા કરવાનું મન થાય, પણ આત્માની વ્યવસ્થા કરવાનું મન ન થાય એ કેવું ?

શરીર, મકાન, કપડાં આદિ ગંદા ન ગમે અને સ્વચ્છ રાખવા માટે સઘળું કરી છૂટે, પણ આત્મા દિન-રાત પાપરૂપ મેલથી ગંદો થાય તેનો વિચાર સરખોય ન આવે એ કેવું ?

આત્મચિન્તા વિના કંઈ દુન્યવી ચિન્તાઓ કરવાથી આત્માની સદ્દગતિ થતી નથી.

જેટલી ચિન્તા પાયખાનાં સાફ કરવાની છે તેટલી ચિન્તા આત્માને નિર્મલ બનાવવાની છે? જો નથી તો તમે તમારા આત્માને પાયખાનાં જેટલો પણ માન્યો છે ?

પરમેશ્વર તો રાગ દ્વેષ વિનાના છે એટલે એમને ગંદું દેખીને ન તો દ્વેષ થાય અને સફાઈ દેખીને પણ ન તો રાગ થાય.

---


## મુંબઈવાસી ભાઇઓને—

## ખુશ ખબર

**શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી**
**૧૪, ધનજી સ્ટ્રીટ રીફાયનરી બીલ્ડીંગ**
**ચોથે માળે, મુંબઇ ૩.**

અમારા તરફથી સર્વે ભાઇઓને ધર્મના તથા સામાજિક પુસ્તકો વાંચવાનો લાભ મળે તે માટે **શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી** ખોલવામાં આવી છે. સર્વે ભાઈ-બહેનોને લાભ લેવા વિનંતિ છે.

**ડીપોઝીટ રૂા. ત્રણ; માસીક ફી બે આના**
**ટાઈમ સવારના ૮ થી ૯-૩૦ સાંજના ૭ થી ૮-૩૦**

**લિ. સેક્રેટરી**

# સુખ—દુઃખ;

શ્રી મફતલાલ સંઘવી નવાડીસા.

દુઃખ છે વાદળાંની હીલચાલ જેવું. સુખ છે આભવિશાળું અને શાશ્વત !

દુઃખ એટલે જન્મ—મરણની ઘટમાળ, સુખ એટલે પરમ મુક્તિપદ !

જન્મ—મરણથી જે ન કંટાળે અને પરમ મુક્તિપદની ભાવના રાખીને તદનુસાર નિષ્કામ કર્મયોગી બને, તે થોડા જ સમયમાં શાશ્વત સુખનો અધિકારી બની શકે.

ઝળહળતા વદન તેજને વાદળનો ગોટ આવરતો હોય, છતાંય જે માનવી, સૂર્યની અદાએ પોતાની જીવન—મંજિલમાં કયાંય ખચકાતો નથી, તેજ સાચા પ્રકાશનો અધિકારી બની શકે છે.

સાંસારિક સુખ—દુઃખનેજ, જેઓ સાચાં સુખ—દુઃખ માની બેઠા છે, તેમને માટે શાશ્વત સુખની કલ્પના કરવી તે પણ ભારે વાત ગણાય.

કાજળની કોટડી જેવો સંસાર ગણાય. તે કોટડીરૂપી સંસારમાં વિહરતાં દરેક પ્રાણીને ઓછેવધતે અંશે કોટડીમાંના કાજળનો ડાઘ લાગેજ. જેને ઓછા ડાઘ લાગ્યા હોય, તે પોતાને વધારે ડાઘવાળા કરતાં શ્રેષ્ઠ સમજી શકે; પણ તેને જ પોતાની જાતના ડાઘ તરફ નજર કરવાની ફુરસદ ન મળે! તો પછી કાજળની કોટડી જેવા સંસારમાં નિષ્કલંકી કઈ રીતે રહી શકાય ?

તે પણ બની શકે એમ છે.

સાંસારિક સુખોનેજ જીવનનું અંતિમ સાર તત્ત્વ માનનાર પ્રાણી, જયારે પોતાની તમામ આંતર—બાહ્ય શકિતઓને, તે સુખ મેળવવા માટે કામે લગાડે છે, ત્યારે તેની શકિતના મોટા ભાગમાં તરતી કેવળ મોહની—રાગની ઘેરી વાદળીના થર તેની આસપાસ જામવા માંડે છે અને તે વાદળીના થર તે તેને માટે કાજળ સમાન બનીને તેને કલંકિત કરે છે.

જયારે સર્વદા નિષ્કામ કર્મયોગીનો સર્વ કાળમાં વિજય જ થાય છે.

સુખ-દુઃખની ભાવના સાથે પુણ્ય-પાપની ભાવના સંકળાયેલી છે.

'પુણ્યશાળી સુખી થાય ને પાપી દુઃખ અનુભવે'. એવો જગત અનુભવિયાનો અનુભવ છે.

વિચારવા જતાં, વાત સમજાય તેવી છે. પણ આવી પુણ્ય—પાપની બાબતોનો વિચાર કરવાની આજે કોઇને ય ફુરસદ હોય તેમ જણાતું નથી.

આજે બધાયને એકજ પ્રગતિનો—નાદ લાગ્યો છે, અને સઘળા જીવો, પુણ્ય—પાપની વ્યાખ્યા સમજવાની તકલીફમાં પડ્યા સિવાય તેજ માર્ગે દોડી રહ્યા છે.

દોડનારાને દોડવા દો ! પહેલાં તેઓ જ થાકશે. પ્રગતિ અને વિજયની ઘેલછામાં દિનરાતનો લેશ પણ ખ્યાલ રાખ્યા સિવાય દોડધામ કરનારા લાખો માનવો, આ સંસારમાંથી ઉપડી ગયા; છતાં તેમાંના કોઇએ, ન સ્વર્ગ સર કર્યું કે ન ચન્દ્રલોક !

ફાવે તે રીતે જીવન ગાળો ! પુણ્ય—પાપના ઓછાયા સ્પર્શવાના ને સ્પર્શવાના !

જે પુરુષનું અંતર, પ્રભુ પ્રેમે મઘમઘતું હશે, જેની આંખો વિશ્વપુરુષના ભાવને ઉકેલવાને મથતી હશે, તે અને તેવાજ પ્રકારના પુરુષો વડે સંસારનું સ્વર્ગ સર્જાશે. માનવકુલના કલ્યાણની પળો ઉઘડશે.

સુખ—દુઃખનાં કર્મ બાંધ્યા બે કિનારા વચ્ચેથી વહી જતી જીવન—સરિતાને જયાંસુધી બેમાંથી એકેય કિનારા તરફ મોહ રહેશે, ત્યાં સુધી એ, એના પરમધામ—અફાટ સ્નેહ સાગરમાં નહિ જ ભળી શકે. ને ત્યાંસુધી એને સુખ—દુઃખનો અનુભવ થયા જ કરશે.

## નિમિત્ત અને ઉપાદાન બન્ને કારણોનું શ્રી જૈનશાસનમાં પુરેપૂરૂં સ્થાન છે.

# દ્રવ્યગુણપર્યાયનો રાસ:

પૂ૦ મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ.

જૈનશાસનમાં ભાવધર્મની પ્રાપ્તિ બહુજ દુર્લભ બતાવી છે. અનંતકાળથી આપણો આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં જે આથડી રહ્યો છે અને હજી પણ સંસારનો જે અંત આવ્યો નથી, તેનું મુખ્ય કારણ ભાવધર્મની પ્રાપ્તિનો અભાવ છે. આ ભાવધર્મ સમ્યગ્દર્શન, દેશવિરતિ કે સર્વવિરતિ આદિ સ્વરૂપ છે. જોકે આ ભાવધર્મને પામવા કે પામેલ હોય તો તે ટકાવી રાખવા જિનપૂજા, ગુરૂવંદન કે જિનકથિત અનુષ્ઠાનો આદિની ઘણી ઘણી આવશ્યકતા છે; પણ એક વસ્તુનો તો ખૂબજ ખ્યાલ રાખવાની જરૂર છે કે, સમ્યકત્વ આદિ ધર્મો એ પરિણામ ધર્મ સ્વરૂપ છે; પણ પ્રવૃત્તિ ધર્મ સ્વરૂપ નથી.

જે લોકો જિનપૂજા, ગુરૂવંદન કે વ્રત, પચ્ચક્ખાણ આદિ ઉત્તમ કરણી કરી પોતાને સમ્યકત્વી કે દેશવિરતિધર માને છે, તે લોકો મોટી ભૂલથાપ ખાય છે; કેમકે જિનપૂજા આદિ કરણી સમ્યકત્વને લાવનારી કે ટકાવનારી કરણી છે, પણ સ્વયં સમ્યકત્વ સ્વરૂપ નથી. હવે જે આત્મા સમ્યકત્વ, દેશવિરતિ કે સર્વવિરતિરૂપ પરિણામ ધર્મ પામ્યો નથી અને એના હૈયામાં તે તે ધર્મને પ્રાપ્ત કરવાની અભિલાષા છે તો તેણે શું કરવું એ પ્રશ્ન મોટો ઉપસ્થિત થાય છે. અહીં કેટલાક થોરના કાંટા જેવા કુમતવાદીઓ એવું સમાધાન કરે છે કે, તેણે બસ, માત્ર ભાવધર્મનીજ ચિંતવના કરવી; પણ ક્રિયાઓ કરવાની કંઇ આવશ્યકતા નથી, એકલા ભાવથીજ તેને સમ્યકત્વ આદિ ધર્મની પ્રાપ્તિ થઈ જશે.

આવું સમાધાન કરનારા ન્યાયશાસ્ત્રીના સર્વમાન્ય સિદ્ધાંતથી બીનજાણકાર છે. અથવા તો જાણવા છતાં ઈરાદાપૂર્વક દંભ કરે છે. ન્યાયનો સર્વમાન્ય સિદ્ધાંત એ છે કે, કાર્ય માત્રની ઉત્પત્તિમાં નિમિત્ત અને ઉપાદાન બંને કારણો હોય છે. આ બંને કારણોની હાજરી સિવાય

---

સમજો કે, આપણે અહીં પરદેશી છીએ વતનથી દૂર નીકળી પડ્યા છીએ. વતનની શોધમાંજ જીવન વીતાવીએ છીએ. અહીં આપણો કોઇ સ્નેહી નથી; શત્રુ નથી. સંસારની ધર્મશાળામાં વસીને એકજ કર્તવ્ય કરવાનું છે.

અંતરનું પ્રેમવારિ—એકજ લક્ષ્ય તરફ અફાટ તેજ સાગરમાં વહાવવાનું છે. નથી કોઇને ઉપેક્ષવાના, નથી ચાહવાના.

'પ્રેમ' ની 'હા' માંજ પ્રાણીના સંસાર પ્રવાસની સાર્થકતા છે.

દુઃખી ન થવું હોય, તો કોઇને ય દૂભવશો નહિ. જ્યાં જઇને બેસો ત્યાં એકલપેટા સ્વાર્થની વાત છેડશો નહિ. પરસ્ત્રી સંબંધી રંગ–રાગે ચઢશો નહિ. મદિરાના ને માંસના મોહમાં ફસાશો નહિ.

જે સદા કાર્યરત રહે છે, તેને દુઃખનો પવન પ્રજાવતો નથી અને જે પરમાર્થરત રહે છે, તેને તે પવન છબી શકતો પણ નથી.

અસંખ્ય માનવ–બુદ્‌બુદોથી ભરેલા આ સંસારમાં સુખરૂપ જીવવાની કોઈ ચાવી હોય તો એક જ છે, અને તે એ કે, ધ્યેયની દિશામાં અવિરત કૂચ.

જેનું જેવું ધ્યેય હશે, તેવું તે પામશે. પણ તે ધ્યેય મુજબ કાર્ય કરનાર જ સફળ થાય છે. એ વાત ભૂલાવામાં ન જાય, એ સમજવા જેવું છે.

કોઇ દિવસ કાર્યની ઉત્પત્તિ થઈ નથી, થવાની નથી અને થશે પણ નહિ. ઉપાદાન કારણ વિદ્યમાન હોય પણ નિમિત્તકારણ ગેરહાજર હોય તો જેમ કાર્યની ઉત્પત્તિ થતી નથી, તેમ નિમિત્તકારણ હાજર હોય અને ઉપાદાન કારણની હાજરી ન હોય તો પણ કાર્યની ઉત્પત્તિ થતી નથી. પ્રસ્તુતમાં સમ્યક્ત્વ; દેશવિરતિ કે સર્વવિરતિરૂપ ભાવ-ધર્મ એ કાર્ય છે. એનું ઉપાદાન કારણ તે તે ધર્મને અનુરૂપ એવા તે તે ભાવો છે અને નિમિત્ત કારણ અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ જિનપૂજા, ગુરૂવંદન કે જિનકથિત અનુષ્ઠાનો વગેરે છે. હવે એકલા ભાવરૂપ ઉપાદાન કારણથીજ સમ્યક્ત્વ આદિ ધર્મોની પ્રાપ્તિ શી રીતે થાય ?

**પ્ર૦** નિમિત્ત કારણ અને ઉપાદાન કારણની સ્પષ્ટ વ્યાખ્યાઓ શું છે ?

ઉ૦ નિમિત્ત કારણ એટલે કાર્યની પૂર્વ ક્ષણમાં રહેવા સાથે જેના વગર કાર્યનો અવશ્ય અભાવ હોય અને કાર્ય સમાપ્ત થયા પછી જેની વિદ્યમાનતા ન હોય તોપણ કાર્ય અખંડિત રહે. જ્યારે ઉપાદાન કારણ એટલે કાર્યની પૂર્વ ક્ષણમાં હોવાપૂર્વક જેના વગર કાર્યનો અવશ્ય અભાવ હોય અને જેના નાશથી કાર્યનો અવશ્ય નાશ હોય. દાખલા તરીકે, ઘટ એ કાર્ય છે, માટી એ એનું ઉપાદાન કારણ છે અને દંડાદિ એ નિમિત્ત કારણો છે. માટીની વિદ્યમાન દશામાં અને ઘટોત્પત્તિની પહેલાં ઘટ બનાવવામાં દંડાદિની અવશ્ય આવશ્યકતા છે. કેમકે જગતમાં કુંભાર કે દંડાદિ વગર ઘટોત્પત્તિ કદી થઇ નથી, થવાની નથી અને થશે પણ નહિ; પણ ઘટોત્પત્તિ થઈ ગયા પછી દંડાદિ નાશ પામી જાય કે તુટી–ભાંગીને ટુકડા થઇ જાય તોપણ ઘટ તો એવોને એવો જ વિદ્યમાન હોય છે. જ્યારે ઉપાદાન કારણભૂત માટી એ ઘટોત્પત્તિની પૂર્વમાં હોય છે અને એના વગર કાર્યનો અભાવ પણ થાય છે પણ એમાં એક વિશેષતા એ છે કે, એ માટીના નાશથી ઘટનો અવશ્ય નાશ થાય છે. એ જ રીતે પટોત્પત્તિમાં તાંતણા એ ઉપાદાન કારણ છે અને વણકરાદિ નિમિત્ત કારણ છે, જેમ તાંતણા વગર વસ્ત્ર ન થાય એ કહેવું જેટલું યુક્તિયુક્ત છે, તેમ વણકરો કે વેજા આદિ વગર વસ્ત્ર ન થાય તે કહેવું તેટલુંજ યુકિતયુકત છે. હા; એટલી વાત જરૂર છે કે, પટોત્પત્તિ થઇ ગયા પછી વણકરાદિ નિમિત્ત કારણોનો નાશ થાય તો પણ પટનો નાશ થતો નથી. જ્યારે ઉપાદાન કારણભૂત તાંતણાના નાશથી પટ–વસ્ત્રોનો અવશ્ય નાશ થાય છે. ટુંકમાં, કાર્યની પૂર્વમાં અવશ્ય આવશ્યકતા હોવાપૂર્વક કાર્યના નાશ પર્યંત રહે એ ઉપાદાન કારણ અને કાર્યની પૂર્વમાં અવશ્ય જરૂરીઆત હોવા છતાં કાર્ય ઉત્પન્ન થઈ ગયા પછી બીનજરૂરી હોય તે નિમિત્તકારણ.

**પ્ર૦** અભવ્યના આત્માએ આ સંસારમાં અનંતી ધર્મક્રિયાઓ કરી છે છતાં એનામાં સમ્યક્ત્વ આદિ ધર્મો એક ઉપાદાન કારણનાજ અભાવે નથી આવતા, માટે કાર્યમાત્રમાં ઉપાદાન કારણને જ કારણ તરીકે કેમ ન કહેવાય ?

ઉ૦ આપણે હમણાં જ કહી આવ્યા કે, ઉપાદાન અને નિમિત્ત ઉભય કારણના અભાવે કાર્યનો અભાવ હોય છે તો જેમ બંને ન હોય તો ઉભયનો અભાવ ગણાય, તેમ [illegible] નિમિત્ત કારણ અગર ઉપાદાન કારણ ન હોય તો પણ ઉભયનો અભાવ ગણાય છે. જેમ જમીન ઉપર એકલો ઘટ હોય, પણ [illegible] ન

હોય તો ઘટ, વસ્ત્ર ઉભયનો અભાવ છે, એમ કહેવું જરા પણ ખોટું નથી. કેમકે ન્યાય શાસ્ત્રનો એ અટલ સિદ્ધાંત છે કે, **एक सत्त्वे द्वयं नास्ति** અર્થાત એકની વિદ્યમાનતામાં અને એકની અવિદ્યમાનતામાં ઉભયનો અભાવ અવિરૂદ્ધ છે; પ્રસ્તુતમાં અભવ્યમાં નિમિત્ત કારણો હોવા છતાં ઉપાદાન કારણના અભાવથી નિમિત્ત-ઉપાદાન ઉભયનો અભાવ છે, એમ અવશ્ય કહેવાય અને ઉભયના અભાવથી જ કાર્ય રૂપ સમ્યક્ત્વ આદિ ધર્મોનો અભાવ છે.

આજ વસ્તુને સમજવા માટે આપણે એક ટુંકું દ્રષ્ટાંત વિચારીએ. પાંચ ગાઉના અંતરે બે ખેતરો છે. એક ખેતરમાં કોઈ મૂર્ખાએ શેકેલું બીજ વાવ્યું છે અને ત્યાં વરસાદ પુષ્કળ પડયો છે. જ્યારે પાંચ ગાઉના અંતરે બીજા ખેતરમાં કોઇ સમજુ માણસે શુદ્ધ બીજ વાવ્યું છે પણ ત્યાં વરસાદ પડયો નથી. હવે ઉભય ઠેકાણે પત્ર–ફલાદિ કેમ થતાં નથી? અહિં એક વસ્તુ વાચકે સમજી લેવી કે ફળમાં, બીજ નહિ શેકેલું એવું શુદ્ધ બીજ એ ઉપાદાન કારણ છે. જ્યારે વરસાદ આદિ નિમિત્ત કારણો છે. હવે જ્યાં શેકેલું બીજ વાવ્યું છે. ત્યાં નિમિત્ત કારણ વિદ્યમાન હોવા છતાં ઉપાદાન કારણ દુષ્ટ હોવાથી પત્ર–ફલાદિ કાર્ય થતું નથી. જ્યારે પાંચ ગાઉ છેટેના ખેતરમાં શુદ્ધ બીજ રૂપ ઉપાદાન કારણ હોવા છતાં વરસાદરૂપ નિમિત્ત કારણના અભાવથી જ કાર્યનો અભાવ છે. આ દ્રષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે કે, કાર્યમાત્રમાં નિમિત્ત, ઉપાદાન બંને કારણોની અવશ્ય આવશ્યકતા છે. જેમ ઉપાદાનના અભાવથી શેકેલું બીજ વાવ્યું એ સ્થળે ફલાદિરૂપ કાર્ય ન થયું તેમ નિમિત્ત કારણરૂપ વરસાદના અભાવથી શુદ્ધ બીજ વાવ્યું એ સ્થળે ફલાદિ કાર્ય ન થયું. ટુંકમાં ઉભય ન હોય ત્યાં ઉભયના અભાવ પ્રયુક્ત જેમ ઉભયાભાવથી કાર્યનો અભાવ થાય છે, તેમ નિમિત્ત ઉપાદાનમાંથી અન્યતર ન હોય ત્યાં એકના અભાવ પ્રયુક્ત ઉભયાભાવથી કાર્યનો અભાવ થાય છે.

**પ્ર૦** ઉપાદાન કારણ જ્યાં બેઠું હોય ત્યાં નિમિત્ત અવશ્ય હાજર હોય, પણ તેને કારણ ન કહેવાય એમ **સોનગઢના કાનજીસ્વામી** કહે છે તેનું સમાધાન શું છે?

**ઉ૦** ઉપાદાન કારણની વિદ્યમાનતામાં નિમિત્ત અવશ્ય હાજર હોય એવો કાયદો નથી. આપણે એ વાત દૃષ્ટાંતથી વિચારીએ. ધારો કે, જેઠ મહિનામાં વરસાદ પડયો, ખેડુતોએ વાવણી કરી, ત્યારબાદ ૧૫ દિવસ કે મહિના સુધી મુદ્દલ વરસાદ પડ્યો જ નહિ તો ખેડુતો આકાશ સામું શા માટે ભાળે છે? ઉપાદાન કારણભૂત બીજની વાવણી તો થઈ ગઇ છે. અરે જો વરસાદ જરાક વધારે લંબાય તો વેપારીઓ, નગરજનો, પ્રજાજનો અને રાજા સુદ્ધાંના હૈયામાં ભયંકર ખેદ ધારણ કરે છે અને વરસાદની રાહ મીટ માંડીને જુએ છે. ઉપાદાન તો બેઠું જ છે પણ એક નિમિત્ત કારણના અભાવેજ ત્યાં કાર્ય ઉત્પન્ન થતું નથી. એમાં જો દુકાળ પડે તો આખી પ્રજા લમણે હાથ દે છે, ભયંકર નિસાસા નાખે છે અને કેટલે ઘરે તો રો–પીટ પણ શરૂ થાય છે! આ ઉપરથી સાબીત થાય છે કે, ઉપાદાન કારણ જ્યાં હોય ત્યાં નિમિત્ત અવશ્ય હાજર હોય એ કાનજી સ્વામીનો સિદ્ધાંત કપોલ કલ્પિત, સત્યથી વેગળો અને હજારો આત્માઓને ઉન્માર્ગે લઈ જનારો છે.

# જીવન રથનાં બે ચક્રો, જ્ઞાન અને ક્રિયાઃ

પૂ૦ પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજ

## જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ

સમુદ્ર, સરોવર કે નદીને તરી જવા માટે જેમ બે ભુજાઓની આવશ્યકતા રહે છે, તેમ સંસાર સમુદ્રને તરવા માટે જ્ઞાન અને ક્રિયાની પણ આવશ્યકતા છે. એ બન્ને વસ્તુઓનો સુમેળ જ મોક્ષનગરીનો મેળ કરી આપે છે.

એક બીજાથી નિરપેક્ષ રહેલાં જ્ઞાન અને ક્રિયા, ધાર્યું કામ આપી શકતા નથી. માટે જ જૈન શાસ્ત્રકારોએ **ज्ञान क्रियाभ्याम् मोक्षः** એ અટલ ત્રિકાળ અબાધિત સિદ્ધાન્તને મોક્ષ પ્રાપ્તિના ઉપાય તરીકે વર્ણવ્યો છે. હા, કર્મવશાત્ પ્રમાદને આધીન બનેલા આત્માઓ જ્ઞાનને ન ભણી શકે અગર તો વીતરાગ પ્રરૂપિત ક્રિયાકાંડોને આચરી ન શકે એ તો બનવા જોગ છે, પરન્તુ જેઓ માત્ર જ્ઞાન-નયને જ વળગી, ક્રિયાનયની અને ક્રિયાનયને વળગી જ્ઞાનનયની અવગણના કરે છે તેઓ તો એકાન્તે મિથ્યાદૃષ્ટિ બની, અજ્ઞાની જનતાને મિથ્યા માર્ગ ઉપર જ ઘસડી જવાનો બાલીશ પ્રયત્ન કરી રહ્યા છે; એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી. સામાન્ય બુદ્ધિનો પણ ઉપયોગ કરી વિચાર કરશે તો તેમને માલૂમ પડશે કે, જ્ઞાન તો આત્મામાં રહેલા કર્મ કચરાને જણાવનાર છે, જ્યારે ક્રિયા તે કચરાને દૂર કરનાર છે; એટલે જ્ઞાનનું કાર્ય અલગ છે અને ક્રિયાનું કાર્ય પણ ભિન્ન છે. રસોઇ બનાવવાના જ્ઞાનવાળો, જ્યાં સુધી રસોઇ પકાવવાની ક્રિયા નહિ કરે ત્યાં સુધી કોરા જ્ઞાન માત્રથી તેની ક્ષુધા કદી દૂર થતી નથી, માર્ગને જાણનાર જ્યાં સુધી ચાલવાની ક્રિયા નહિ કરે ત્યાં સુધી પોતાના ઇષ્ટ સ્થાને પહોંચી શકતો નથી. તરવાના જ્ઞાનવાળો પાણીમાં પડયા પછી હાથ પગ હલાવવાની ક્રિયા નહિ કરે તો તરે નહિ પણ ડુબે તો જરૂર, દવાના જ્ઞાનને ધારણ કરનાર જ્યાં સુધી દવા ખાય નહિ ત્યાં સુધી રોગ મુક્ત થતો નથી, જંગલના દાવાનલમાં સપડાયેલો આંધળો અને લંગડો એ બે જ્યાંસુધી ભેગા ન થાય ત્યાંસુધી બેમાંથી એક પણ પોતાનો બચાવ કરવા સમર્થ થઇ શકતા નથી. કારણ કે લંગડો દેખે છે પરન્તુ ચાલી શકતો નથી, આંધળો ચાલી શકે છે પણ દેખી શકતો નથી; પરંતુ આંધળાના ખભા ઉપર લંગડો બેસી જાય અને લંગડો જે રસ્તો ચીંધે તે રસ્તે આંધળો ચાલ્યો જાય તો બન્ને જણા દાવાનલના દુઃખમાંથી મુક્ત બની શકે છે. જ્ઞાન લુલું છે અને ક્રિયા આંધળી છે. પણ જે જીવનમાં તે બન્ને એકત્ર રહે છે તે જ જીવન સંસારરૂપ દાવાનળથી બચી જાય છે. પરન્તુ જ્ઞાનને પસંદ કરનારો જ્ઞાનની જ પુષ્ટિ કરી, ક્રિયાનો તિરસ્કાર કરે અને ક્રિયાકાંડનો શોખીન ક્રિયાની જ પુષ્ટિ કરી, જ્ઞાનનો તિરસ્કાર કરે છે તેવા આત્માઓ આ સંસાર સાથે હંમેશને માટે કુસ્તી કર્યાજ કરે છે.

અરે ! ચારિત્ર વિનાના જ્ઞાનીને તો શાસ્ત્ર-કારોએ નીચેના શ્લોકમાં ગર્દભની ઉપમા આપી છે. કહ્યું છે કે,

> **जहा खरो चंदन भारवाही,**
> **भारस्स भागी न हु चंदनस्स;**
> **एवं खु नाणी चरणेण हीणो.**
> **नाणस्स भागी नहि सुग्गइए,**

ચંદનના ભારને વહન કરનારો ગર્દભ ચંદનનો ભાગી નથી પરન્તુ ભારનો જ ભાગી થાય છે. તે જ મુજબ ચારિત્ર વિનાનો જ્ઞાની માત્ર જ્ઞાનનો જ ભાગી થાય છે, પરન્તુ સદ્-ગતિનો ભાગી થતો નથી.

# રેડ સીગ્નલ;

શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ.

પરિવર્તનશીલ જગતમાં અનેકવિધ પરિવર્તનો થયા જ કરે એમાં મહાજ્ઞાનિઓની દૃષ્ટિએ કાંઇપણ આશ્ચર્ય નથી, પણ પરિવર્તન કેવા પ્રકારનું થઇ રહ્યું છે અને કેવા પરિણામમાં પરિણમશે એનો ખ્યાલતો આપણે જ રાખ્યે છૂટકો.

છેલ્લાં પચ્ચીસ વર્ષમાં દુનિયામાં અનેક પ્રકારનાં આંદોલનો આવી ગયાં. બેસુમાર પાપપ્રવૃત્તિઓ વધી પડી. કેટલાએ પુણ્યમાર્ગો રૂંધાયા, અનેકવિધ ઉન્નતિકારક પંથોમાં કાંટા વેરાયા, એટલું જ નહિ પણ સત્ય, અહિંસા અને સંયમ શબ્દોની સુફીયાણી જાળમાં અચ્છા અચ્છા અટવાયા, અને તે પણ એટલી હદ સુધી કે, પરમજ્યોતિ, પરમવિભૂતિ; અનંતજ્ઞાની વીતરાગ પરમાત્માની અને એક સામાન્ય માનવીની આંકણી એક સરખી થવા માંડી. આત્મા અને આત્મજ્ઞાનનું સાધન ધર્મ અને ધર્મ સાધક સાધનો પ્રત્યે અસદ્‌ભાવ ઉત્પન્ન કરવાના કારમા અને કુટિલ પ્રયત્નો જારી રાખ્યા અને આર્યાવર્તની આર્યપ્રજાને ઉભગાવી મૂકી અને અનેકોને વિવેકશૂન્ય કરી મૂકયા.

આ ઉજળી દેખાતી કારમી માયા જાળનો ભોગ જૈનસમાજ પણ ઓછેવધતે અંશે બન્યો જ છે. અશ્રદ્ધાનાં વાદળો પૂરજોશમાં ચડયાં અને વિવેક હીનતાની વર્ષાએ માઝા મૂકી. પરમ પવિત્ર આગમો પ્રત્યે જૈનશાસનના પ્રાચીન અને અર્વાચીન મહાપુરૂષો પ્રત્યે મનગમતા પ્રહારો કરવા માંડયા–કરાવવા માંડયા અને કેટલાકોએ પડદા પાછળ રહીને પીઠ થાબડયે રાખી. જે મહાપુરૂષોએ અને શ્રદ્ધાળુ સજ્જનોએ સામનો કર્યો તેમને યેન કેન પ્રકારેણ ભાંડવામાં આવ્યા અને મનઘડંતરીતે પેપરની દેવડીએ ચઢાવી હલકા પાડવા કુટિલ પ્રયત્નો થયા. પણ મોટાઓની પુણ્યાઈ અને હૃદયની ઉદારતા પાસે કૂટિલતાનું કાંઇ ચાલ્યું નહિ. પણ ઇતર સમાજોમાં જૈનસમાજ પ્રત્યે કાંઇક બેદીલી ફેલાવવામાં જરૂર ફાવ્યા. બીજો તબક્કો ચર્ચાઓનો તે પણ શાસનવિરોધીઓને જૈન સમાજને દુનિયામાં હલકો પાડવામાં અનુકૂળ થઇ પડયો અને છેવટમાં અમુક અમુક સમુદાયોમાં અંદરોઅંદરની છિન્નભિન્નતા અને પરના છતા–અછતા દોષોની ગવેષણાએ 'દુકાળમાં તેરમા મહિના' જેવી શાસનની સ્થિતિ કરી મૂકી છે.

ન મળે કોઇ ધણી કે ધોરી, 'સબ અપની ગાવે' એ પરિસ્થિતિમાં પોકાર પણ કયાં કરવો? સમય બદલાયે જાય છે. સાથે સત્તાનાં પણ પરિવર્તનો બારણાં ઠોકી રહ્યાં છે. સ્વતંત્રતાની બાંગ પોકારનારા પવિત્ર અને યુક્તિસંગત ધર્મ અને ધર્માનુષ્ઠાનોમાં કેટલી સ્વતંત્રતા ખમી ખાશે તે તો જ્ઞાની જાણે! તારક તીર્થસ્થાનો અને આત્માના અપૂર્વ વિશ્રામ–સ્થાનરૂપ દેવમંદિરો અને દેવમંદિરોની ઉપજો પ્રત્યે કેટલી મીઠી નજર રહેશે એ તો જ્યારે પ્રસંગ આવશે ત્યારે જણાશે.

આ ભૂત, વર્તમાન અને ભાવિની આછી

---

અંતે એટલું જણાવવું જરૂરી છે કે, ક્રિયાકાંડ કરવામાં પ્રમાદી અને એદી આત્માઓથી તે તે ક્રિયાઓનો અમલ ન થઇ શકતો હોય તો પોતાની જાતને દુર્ભાગી સમજી ચુપ બેસી રહે એ ડહાપણ ભરેલી કાર્યવાહી છે. પરન્તુ અજ્ઞાન જનતાને વીતરાગ પ્રણીતધર્મ અનુષ્ઠાનના આચરણથી ખસેડી દઇ તેમને દુર્ગતિના ગહરા ખાડામાં પાડવાના પાપમાંથી મુક્ત બને એજ ભલામણ.

રૂપરેખા જેને શાસન હૈયે વસ્યું હશે તેણે તો 'રેડ સીગ્નલ' સાવધાનની હાકલરૂપ જ છે. હજુ સમાજ, સમાજના પરમ વિભૂષણરૂપ સાધુ સંસ્થા અને શ્રદ્ધાળુ શ્રાવકસમુદાય ચેતે અને પરસ્પરની ઉદારતા દાખવી શાસ્ત્રસિદ્ધાંત-શૈલી અનુસાર સમાજના અભ્યુદય માટે આગમ અને તીર્થોની રક્ષા માટે અત્યારથી જ કટિબદ્ધ બને તો સમય હજુ અનુકૂળ છે, અને સૌથી અગત્યનો અને મોટા ભાગની દૃષ્ટિ બહાર રહેલ લાગતો પ્રશ્ન તો એ છે કે, પવિત્ર શ્રી સાધ્વી સંઘનો બાળ, યુવા અને વૃદ્ધથી વૃદ્ધિ પામતું શ્રી સંઘનું આ પવિત્ર અંગ ઘણી જ દીર્ઘદૃષ્ટિ ભરી સુંદર અને સુવ્યવસ્થિત યોજના માગે છે. ભાવીપ્રજાનું ઘડતર ઘડનારૂં, ભાવી પ્રજામાં સુસંસ્કાર રેડી શ્રદ્ધાળુ સંરક્ષક દળ પેદા કરનારૂં આ એક મહા અંગ છે. એ લગભગ વિસરાતું જાય છે અને અનિચ્છનિય બેદરકારી તે પ્રત્યે વધતી જાય છે. ખરેખર ! ભયંકર નુકશાનકારક નિવડશે.

પણ આપણે આ બધું લખી નાખીએ અને વાંચી જઇએ એટલા માત્રથી આપણે આપણું સ્થાન પગભર ન કરી શકીએ. પછી તે સામાજિક, નૈતિક, આર્થિક કે આત્મિક ગમે તે પ્રકારનું હોય. પૂજ્ય–મહારાજાઓએ પોતાનાં સ્થાનની જવાબદારી સમજી પરસ્પરના પૂર્વગ્રહને છોડી સમાજ અને શાસનની ઉંન્નતિ માટે પરસ્પર હાથ મિલાવવો જોઇએ. સમુદાયોએ અંદરો–અંદરનાં મામુલી કારણોને દફનાવી સ્વ સ્વસમુદાયોને સુસ્થિત બનાવવાના પ્રયત્નોમાં લાગી જવું જોઇએ. પ્રવર્તિની મહાસતિ સાધ્વીજીઓએ જ્ઞાન, સ્વાધ્યાય, વૈરાગ્ય, સંયમ અને તપોબળના આત્મિક આંદોલનોથી, નિશ્રામાં રહેલા ભાવુક આત્માઓને પવિત્ર બાળ–યુવા સાધ્વીઓને સંયમ રસમાં ઝીલતા બનાવી શ્રાવિકા સમુદાયને આદર્શરૂપ ઘડવો જોઇએ અને પૂર્વપુન્યથી ભાગ્યશાળી બનેલા લક્ષ્મીનંદન શ્રદ્ધાળુ શ્રાવકોએ પોતાની તીક્ષ્ણ વ્યવહાર કુશળ બુદ્ધિથી ઉપરોક્ત કાર્યમાં પરસ્પરના ભેદભાવને ભૂલીને પૂજ્યોને તન, મન, ધનથી મદદ કરવી જોઇએ. શામ, દામ અને દંડથી શાસનના પ્રત્યનિકોને લાઇનમાં લાવવા ખૂબખૂબ પ્રયત્નશીલ બનવું જોઇએ, અને પોતાનાં સ્થાન, મોભો અને લાગવગનો સદ્ઉપયોગ કરી, તીર્થ–સ્થાનો, દેવાલયો, જ્ઞાનભંડારો અને ધાર્મિક દ્રવ્યની રક્ષા માટે ઉજમાળ બની, અધીક પુન્યાઈ પેદા કરી મુક્તિ–માર્ગના આરાધક બનવાપૂર્વક સાચા શ્રેષ્ઠી તરીકે શાસનમાં સ્થાન લેવું જોઇએ.

પણ આ બધું બને કયારે કે, સાચો આરાધક–ભાવ આવે ત્યારે. આરાધના, ક્રિયાનુષ્ઠાન, દાનાદિ ધર્મ હૃદયની સાચી શ્રદ્ધા પૂર્વકનાં હોય, આત્મકલ્યાણના ધ્યેયપૂર્વકનાં હોય, તો જ સાચો આરાધકભાવ આવે. શાસન સેવાની તમન્ના જન્મે અને યથાશક્તિ તન, મન, ધનનો ભોગ આપી શકાય. નહિ તો સખાવતી–કીર્તિદાનની માફક આરાધાતાં ક્રિયાનુષ્ઠાનો બાળભાવ સિવાયના તો પ્રાયઃ વિચિત્ર પરિણામી નિવડે છે. એટલું જ નહિ પણ કેટલીકવાર ધર્મ અને શાસનની નિંદા કરાવનારાં નિપજે છે.

અંતિમમાં એ જ આશા રાખીએ કે, સર્વવિકૃતિઓથી દૂર થઈ સ્વપર આત્મકલ્યાણના પરમ હેતુરૂપ જૈનશાસનની સુંદરતા દુનિયા સમક્ષ રજુ કરવા, જૈનસમાજના અભ્યુદય માટે આપણે આપણું સ્થાન ટકાવી, જાળવી અનેરી રોશની પ્રગટાવીએ.

# ભારતમાં સંસ્કૃતિનો ધરમૂળથીજ પલટો.

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

ભારતમાં આર્યસંસ્કૃતિના તમામે તમામ અંગો આધ્યાત્મિક સંસ્કૃતિના પાયા ઉપર રચાયેલા છે. તેમાં આજસુધી કોઇપણ બળ કશો મહત્ત્વનો ફેરફાર કરી શકેલ નથી. બહારના દરેક પરદેશીઓએ પણ તે જ ધોરણને અનુસર્યા છે. ના૦ બ્રીટીશ સરકારની સત્તાને પણ આજસુધી સામાન્ય અને તે જ ધોરણને અનુસરવું પડેલ છે છતાં, તેમણે આજુબાજુના કાયદાઓ અને રાજ્યતંત્રની યોજનાઓ યુરોપીય જડવાદની સંસ્કૃતિને પોષક થાય, તેવી રીતની પસાર કરેલી છે અને પ્રજાજીવનનું આજુબાજુનું ઘડતર પણ એ જ આદર્શને ધ્યાનમાં રાખીને જાણ્યે-અજાણ્યે, પ્રજાની ઇચ્છાએ અનિચ્છાએ ઘડયું છે. અને તે આદર્શને માન આપનારો વર્ગ ભારતમાં જ એક સૈકા સુધી આપવામાં આવેલા શિક્ષણના બળથી ઉપજાવી શકેલ છે. તે વર્ગને ધારાસભાઓ મારફત ચુંટાવીને પ્રજાના પ્રતિનિધિ તરીકેનો ગણીને તેમના જ હાથે આ આદર્શને અનુસરતું સાંગોપાંગ બંધારણ ઘડાવી લેવાની ગોઠવણ કરી છે અને તે બંધારણ મારફત ભારતીય આર્યપ્રજાને પોતાને જ હાથે બાંધી લઇ તે આદર્શને અનુસરવાની કબુલાતો લઇ લેવાની ગોઠવણ કરી છે. તે બંધારણ સભાનો પહેલો ઠરાવ વાંચવાથી અને તેના ઉપર બારીક મનન કરવાથી તુરત જણાઇ આવે તેમ છે.

ભારતમાં-સામાન્યરીતે રાજનીતિ ઘડનારાઓનું પણ સૂત્ર નીચે પ્રમાણે છે.

**सुखस्यमूलं धर्मः । धर्मस्यमूलमर्थः ।**
**अर्थस्य मूलंराज्यम् । राज्यस्य मूलमिन्द्रियजयः ।**

**અર્થ**—સુખનું મૂળ ધર્મ છે, ધર્મનું મૂળ ધન સંપત્તિ છે, સંપત્તિનું મૂળ રાજ્ય છે, રાજ્યનું મૂળ ઇંદ્રિઓ ઉપર વિજય છે, વિગેરે **આર્યચાણક્ય** અર્થશાસ્ત્રકારો, કામશાસ્ત્રકારો, સમાજશાસ્ત્રકારો, રાજનીતિકારો શિલ્પશાસ્ત્રકારો, વિગેરે તમામ ભારતિય વૈજ્ઞાનિક ધર્મને-આધ્યાત્મિક જીવનને પ્રાધાન્ય આપે છે. તોપછી ધર્મશાસ્ત્રકારો અને મોક્ષ શાસ્ત્રકારોનું તો પૂછવું જ શું ? આ સ્થળે વાચકોને યાદ આપવાની કે, અહીં ધર્મનો અર્થ કોઇ મત-પંથ-સંપ્રદાય-કે દર્શન કરવાનો નથી. પરંતુ જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ પોષક પ્રયાસો તે ધર્મઃ એવો અર્થ સમજવાનો છે. નીતિથી જીવન ચલાવવા છતાં નિવૃત્તિ અને નવરાશના વખતમાં જો ધર્મનો ટેકો કે સાથ ન હોય, તો પ્રજાનું જીવન અનર્થકારી બની જાય જ. માટે માનવજીવનનો આદર્શ-ધર્મ-આધ્યાત્મિક પ્રગતિ રાખવામાં માનવજીવનના હિત માટેની ભારે કાળજીભરી અને દીર્ઘદૃષ્ટિભરી યોજના હોવાનું જણાઈ આવશે.

હવે આપણે પ્રથમ બંધારણ સભાનો પહેલો ઠરાવ તપાસી જઇએ. પછી તેના ઉપર તદ્દન ટુંકામાં નોંધ કરી તેનું હાર્દ સમજાવવા પ્રયાસ કરીશું.

### ઠરાવ

આ બંધારણ સભા હિંદને એક સ્વતંત્ર અને સાર્વભૌમ પ્રજાસત્તાક તરીકે જાહેર કરવાનો, અને એના ભાવિશાસન માટેનું બંધારણ ઘડવાનો મક્કમ અને ગંભીર નિર્ધાર જાહેર કરે છે.

અત્યારે બ્રીટીશહિંદમાં જે પ્રદેશો સમાય છે, તે હિંદી રિયાસાતોનાં જે પ્રદેશો આવી જાય છે, તે બ્રીટીશહિંદ અને રીયાસતોની બહારના પ્રદેશો તેમજ, સ્વતંત્ર, સાર્વભૌમ હિંદમાં જોડાવા માગતા એવા બીજા પ્રદેશોનો એક સંઘ બનશે.

અને મજકુર પ્રદેશો એમની અત્યારની સરહદો સાથે, અથવા તો બંધારણ સભા નક્કી કરે તે ને પછી, બંધારણના કાયદા અનુસારની સરહદો સાથે સ્વતંત્ર એકમોનો દરજ્જો ધરાવશે, ને જાળવશે.

એમની પાસે શેષસત્તાઓ રહેશે અને સંઘમાં વહીવટ અને શાસનની જે કાંઈ સત્તાઓ અને કાર્યો રહ્યાં હોય, અથવા સોંપાયાં હોય અથવા સંઘને સ્વાભાવિક રીતે જ મળતા હોય, તે શિવાયની તમામ સત્તાઓ અને કાર્યો આ પ્રદેશો ભોગવશે. અને સાર્વભૌમ અને સ્વતંત્ર હિંદની અને એના અંગો તેમ જ વહીવટી તંત્રોની તમામ સત્તાઓ પ્રજામાંથી ઉદ્દભવે છે અને હિંદના તમામ લોકોને સામાજિક, આર્થિક ને રાજદ્વારી ન્યાયની, દરજ્જા અને તકની સમાનતાની તેમ જ કાયદા આગળની સમાનતાની,

તેમજ કાયદા અને જાહેર નીતિને આધીન રહીને વિચાર, વાણી, માન્યતા, ધર્મ, પૂજા, ધંધા, મંડળ અને કાર્યોની સ્વતંત્રતાની ખાત્રી આપવામાં આવશે.

લઘુમતિઓ, પછાત તાયફા પ્રદેશો. તેમજ બીજા દલીતો અને પછાત વર્ગો માટે પુરતી સલામતિઓ રહેશે સભ્યરાષ્ટ્રોના ન્યાય અને કાયદા અનુસાર પ્રજાસત્તાકના પ્રદેશની અખંડિતતા તેમજ જમીન, દરિયા અને હવામાંના સાર્વભૌમ અધિકારો જળવાઇ રહેશે, અને આ પ્રાચીન દેશ દુનિયામાં એનું યોગ્ય અને માનભર્યું સ્થાન પ્રાપ્ત કરશે તેમજ વિશ્વશાંતિ અને માનવ-કલ્યાણને આગળ ધપાવવામાં પુરો અને સ્વેચ્છાપૂર્વકનો સાથ આપશે.

## ટુંક નોંધ

૧ નવું બંધારણ અમલમાં આવતાં, જુનું બંધારણ રદ જવાનું જ, એ સ્વાભાવિક છે.

૨ હિંદ લેવાથી હિંદની વ્યાખ્યામાં સમાતો પ્રદેશ લેવામાં આવે છે. કોઈ બહુમત ધરાવતી કે સંસ્કૃતિવાળી પ્રજાને સ્થાન ન આપતાં તેને ગૌણ બનાવીને પ્રદેશને મુખ્ય સ્થાન આપવામાં આવે છે.

૩ પ્રજાસત્તાક સાર્વભૌમનો અર્થ એ છે કે- આ રાજ્યદ્વારા બંધારણ નથી, પણ પ્રજાના સમગ્ર જીવન ઉપર અધિકાર ધરાવતું બંધારણ છે. પ્રજાજીવનના નાના-મોટા સર્વ અંગો ઉપર સત્તા અધિકાર ધરાવી શકશે.

૪ તમામ પ્રદેશોમાં વસતા લોકોને એક સંઘ બનાવવામાં આવશે. એક મહા એકમ બનશે. એટલેકે, એશિયાની બીજી જે જે પ્રજાઓ આમાં સામેલ થશે તે સર્વનો એક સંઘ બનશે. આમ થવાથી હિંદની હાલની સરહદો રદ જ જશે. અને નવી સરહદો બંધાશે.

૫ બંધારણના કાયદા અનુસાર દેશીરાજ્યોની સરહદોમાં કદાચ ફેરફાર થાય, તથા પ્રાંતોની સરહદોમાં પણ એમજ બને.

૬ મધ્યસ્થ સત્તાની, સત્તાઓની સ્પષ્ટતા આથી સમજાય છે.

૭ પ્રાંતિક સરકારોની અમુક અંશે સ્વતંત્રતા સ્વીકારવાથી ૨૫ કરોડ હિંદુપ્રજા પ્રાંતોમાં વહેંચાઇ જવાથી પ્રાંતિક સરકારોની સત્તાને કબુલવી પડે અને સમગ્ર હિંદુપ્રજાના સામાન્ય હિતો માટે જુદા જુદા પ્રાંતોના હિંદુપ્રજાજનો સામાન્ય હિતમાં સહાય કે મદદ કરી શકશે નહીં.

૮ પ્રજામાંથી ઉદ્‌ભવે છે, એટલે રાજાઓની સત્તા મુખ્ય નથી રહેતી. પ્રજામાંજ સત્તા હતી, પણ તેને ગૌણ બનાવવામાં આવી હતી. ફરીથી સમગ્ર પ્રજાને રીતસરના ધોરણે સત્તા ઉપજાવવા દેવામાં આવી નથી. છતાં તેમ જણાવવામાં આવે છે તે સત્ય નથી. આમાં ઘણું વિચારવા જેવું છે.

૯ સમાનતાઓનું ધોરણ લાદવાથી આ આનુવંશિક શુદ્ધિના આધાર ઉપર રચાએલ વર્ણજાતિ અને સામાજિક વ્યવસ્થાનો, ભારતીય સાદા ધંધાઓનો, શાસ્ત્રોમાં અપાયેલા શ્રેષ્ઠ અધિકારોનો લોપ થાય છે, અને આ દેશમાં વસતા યુરોપીયનો વિગેરે લઘુમતીઓને શ્રેષ્ટ અધિકારો નીચે આપવામાં આવેલા છે.

૧૦ ધર્મ-પૂજા વિગેરેની સ્વતંત્રતાની ખાત્રી આપવામાં આવે છે. તે એકજ લાલચ માત્ર જ છે. સ્વતંત્રતા અને ખાત્રી એ શબ્દો ખૂબ લલચાવનારા છે. ખુબી એ છે કે, ધર્મ અને પૂજાને, કાયદા અને જાહેરનીતિને આધીન બનાવવામાં આવ્યા છે. કાયદા અને જાહેર નીતિકોને આધીન રહેશે! તે નીચે બતાવવામાં આવશે.

૧૧ લઘુમતીઓમાં યુરોપીયનો, પારસી અને મુસલમાનો વિગેરે તથા દલિતોમાં પછાતોમાં અંત્યજો આદિવાસીઓ વિગેરેને પૂરી સલામતીઓ મળશે.

૧૨ ન્યાય, કાયદા અને પ્રજાસત્તાકના પ્રદેશો ઉપરના સાર્વભૌમ અધિકારોની વ્યાખ્યા સ્પષ્ટ કરીને જણાવે છે કે, સભ્યરાષ્ટ્રોના ન્યાય અને કાયદાને અનુસાર રહેશે. ભારતિય આધ્યાત્મિક સંસ્કૃતિને અનુસરતા ન્યાય અને કાયદા રહી શકશે નહીં, એ સ્પષ્ટ થાય છે. જાહેરનીતિ પણ એ જ પ્રમાણે રહેશે. આ રીતે સંસ્કૃતિના આદર્શનો પલટો સ્પષ્ટ જ થાય છે. ભારતમાં સંસ્કૃતિનો આદર્શ બદલાઇને અમેરિકા

## વૈરનું મારણ વૈર નથી પણ આત્માના આભૂષણરૂપ રહેલી ક્ષમા છે.

# વૈરની પરંપરા; [ કથાનક ]

પૂ૦ મુનિરાજશ્રી દીપવિજયજી મહારાજ

ભરતક્ષેત્રની શ્રાવસ્તિ નગરીમાં એક વખતે ત્રિવિક્રમ નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. ખરાબ સંગતે રાજાના જીવનને ઉન્માર્ગે વાળ્યું હતું. શિકાર કરવામાં પાવરધો બનેલો રાજા એક વખતે જંગલમાં ઝાડ તળે વિશ્રાંતિ લેવા માટે બેઠો હતો એવામાં ઝાડ ઉપર બેઠેલા પક્ષીએ રાજા ઉપર હગાર [ વિષ્ટા ] કરી.

માથા પર હગાર પડતાંજ રાજાના શરીરમાં ક્રોધે સ્થાન લીધું. રાજા જ્યાં ઉંચે જુએ છે તો ત્યાં પક્ષી નિશ્ચિંત હૃદયે બેઠું હતું. પક્ષીને ખબર નહિ હોય કે શિકારમાં કાબેલ રાજા મારો પલકમાં પ્રાણ લઇ લેશે.

રાજા ઝડપભેર ઉભો થઇ તુરતજ પક્ષી ભણી તીર તાક્યું. એક પળમાં તો પક્ષી નીચે ગબડી પડયું અને તરફડવા લાગ્યું. તરફડીયાં ખાતું પક્ષી રાજાની નજીકમાં જ પડેલું હતું. તે દ્રશ્યને જોઇ રાજાનું હૃદય કંઇક કુણું બન્યું. રાજા વિચારવા લાગ્યો કે, આ તો મેં વગર વિચાર્યું કામ કરી નાખ્યું. આ પક્ષી તો નિરાપરાધી અને નિખાલસી છે. ચિભડાના ચોરને મેં ફાંસીની સજા કરી.

હૃદય પાછળથી તો ઘણું દુઃભાણું પણ પછી તેનો શું ઉપાય ? રાજા જંગલમાંથી પાછો આવાસે આવી ચિંતામાં પડયો. વળી વિચારે છે કે, મારા

---

વિગેરેની માફક ભૌતિકવાદના આદર્શને ભારત સ્વીકાર કરવાની પહેલ કરે છે.

૧૩ આ પ્રાચીન દેશ-પ્રાચીન શબ્દ લલચામણો છે. આ પ્રાચીન દેશની કશી વિશિષ્ટતા નહોતી આ પ્રાચીન આર્યપ્રજાની સંસ્કૃતિની મહત્તા હતી. તેને બદલે દેશ શબ્દ મુકીને એક જાતનું અસત્ય આગળ આવે છે.

૧૪ દુનિયાને આધ્યાત્મિક આર્યસંસ્કૃતિની ખીલવણીના કાર્યમાં સ્થાન પ્રાપ્ત કરવાને બદલે દુનિયામાં હિંદને સ્થાન પ્રાપ્ત કરવાની મહેનત કરવાની કબુલાત અપાય છે. એટલે કે, ભૌતિકવાદમાં બીજા દેશોમાં હિંદ તેમના જેવા થઇને માનભર્યું સ્થાન પામવાનો મનોરથ સેવવામાં આવે છે.

૧૫ ભારત ભૌતિકવાદનો આદર્શ સ્વીકારી લે. પછી જગતમાં અશાંતિનું કારણજ રહેતું નથી. આજની ભૌતિકસંસ્કૃતિમાં વિઘ્નભૂત કોઇપણ હોય તો જગતની કાળી પ્રજાઓ છે, અને તેમાં પણ સર્વ પ્રજાઓની નેતા અને મજબૂત સંસ્કૃતિ ધરાવતી હિંદની આર્યપ્રજા છે. તે પોતાનો આધ્યાત્મિક સિદ્ધાન્ત અને આદર્શ છોડી દે એટલે એશિયાની બીજી પ્રજાઓ પણ તેને પગલે ચાલીને છોડી જ દે, એટલે વિશ્વશાંતિ ઘરે આવે તેમ નથી અને પ્રાણીમાત્રના કલ્યાણના આદર્શને બદલે માનવકલ્યાણનો આદર્શ સ્વીકારવામાં પણ હિંદને દુનિયામાં સન્માન મળે તેમ છે જ ( ભૌતિકવાદના વિકાસમાં )

એટલેથી જ ન અટકતા તેમાં પુરો અને હાર્દિક સાથ આપવાની હિંદે કબુલાત આપવી પડે છે, એ છેલ્લી લીટીઓ વાંચવાથી સમજાશે.

ખરીરીતે “ વિશ્વશાંતિ અને પ્રાણીમાત્રના કલ્યાણમાં ભારતીય આર્યપ્રજા, આધ્યાત્મિક સંસ્કૃતિના બળથી શેષ જગતનો હાર્દિક અને પુરો સાથ મેળવશે ”, એ આપણો આદર્શ છે. તે શબ્દો ઠરાવમાં જોઈએ તેને બદલે વિપરીત શબ્દો આમાં સ્પષ્ટ વાંચી શકાય છે.

આ પ્રમાણે આ ઠરાવ હિંદનું ભાવિ કેવું ઘડશે તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે, અને આ બંધારણ પુરૂં ઘડાશે તે પણ આજ આદર્શ ઉપર ઘડાશે અને કદાચ ત્રણ ચાર મહિનાની મુદત પણ આના ઉપર કોઇપણ અભિપ્રાય પ્રગટ કરવાને અપાશે, પરંતુ એટલી મુદતમાં પચ્ચીશ કરોડ હિંદની આર્યપ્રજા રીતસર મળીને પોતાનો રીતસરનો અભિપ્રાય પ્રગટ ન કરી શકે. એટલે તેમના અને તેમના ભાવિસંતાનો ઉપર સહજ રીતે જ આ પલ્ટાએલા આદર્શવાળું બંધારણ ઠોકાઇ જવાનું અને તેને ઇચ્છાએ કે અનિચ્છાએ તાબે થવું પડશે જ.

પૂર્વજો ક્યાં અને હું ક્યાં? મારા બાપ-દાદાઓએ જીવનમાં શુભકાર્યો કરી સંયમ પથને અંગીકાર કર્યો છે ત્યારે હું જીવનમાં અશુભ કાર્યો કરી રહ્યો છું. વિવેક ચક્ષુ ખુલી ગયાં અને તે જ સ્થાને મનથી નિર્ધાર કર્યો કે, કોઇ સદ્ગુરૂ મળી જાય તો હું પણ પૂર્વજોના જ માર્ગે વળું!

આ વિચારોમાં રાજા ઝોલાં ખાય છે ત્યાં તો વનપાલે આવી ખબર આપ્યા કે, ઉદ્યાનમાં કોઇ મહાપુરૂષ પધાર્યા છે. આ સાંભળતાં રાજા ખૂબ આનંદિત થયો અને પરિવાર સાથે મહાત્મા પાસે પહોંચી ગયો. યથાસ્થાને બેઠા પછી ગુરૂવરે અવસર જોઇ યોગ્ય ઉપદેશ આપ્યો.

"ગુરૂજી! હું પાપી છું મારો કોઇરીતે ઉદ્ધાર કરો અને તે આપના હાથમાં જ છે."

ગુરૂએ આશ્વાસન આપતાં કહ્યું કે, "મહાનુભાવ! ગભરાવાની કાંઈ જરૂર નથી ગઈ ગુજરી ભૂલી જા અને સંયમના માર્ગે પ્રયાણ કર!"

"ગુરૂદેવ! હું તે માર્ગે પ્રયાણ કરવાનો નિર્ધાર કરીને જ આવ્યો છું માટે આપશ્રી પ્રવ્રજ્યાનું દાન કરો"

ત્રિવિક્રમ રાજામાંથી રાજર્ષી બન્યા. જ્ઞાન-ધ્યાન તપ-જપ વગેરે ઉગ્રરીતે કરી તેજોલેશ્યા આદિ અનેક લબ્ધિઓને પ્રાપ્ત કરી.

એક ભવમાં કરેલું પાપ કે વૈર જો અંતરના ઉંડાણથી ખમાવવામાં ન આવ્યુ હોય તો એક કરતાં વધુ ભવોસુધી આત્માને હેરાન-પરેશાન કરે છે. ત્રિવિક્રમને પણ તેમ જ બને છે. ત્રિવિક્રમે રાજાની અવસ્થામાં જે પક્ષીને બાણથી વીંધ્યું હતું તે પક્ષી મરી ભિલ્લના કુળમાં પુત્રરૂપે જન્મ પામ્યો.

ભાગ્યયોગે રાજર્ષી પણ તે જ જંગલમાં વિહાર કરતા કરતા આવ્યા. એક જગ્યાએ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા છે ત્યાં ભીલના છોકરાની નજર પડી. મુનિવરને દેખતાંજ શરીરમાં ક્રોધનાં રોમાંચ ખડાં થયાં. મુનિવરની સામે જ્યાં તીર તાકે છે ત્યાંતો મુનિવરે તેજોલેશ્યા મુકી છોકરાને બાળી મૂકયો.

ત્યાંથી ભીલનો છોકરો મરી સિંહરૂપે જંગલનો રાજા થયો. એક-બીજાનું વેર, એક-બીજાને કેવું સતાવે છે અને ભવની પરંપરામાં આત્માને કેવો ગબડતો મૂકે છે. કર્મની વિચિત્ર ગતિ અકળ હોય છે અને છે.

વળી પાછા મુનિવર વિહાર કરતા-કરતા જે જંગલમાં સિંહ છે ત્યાંજ આવે છે અને ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાન રહ્યા છે. ત્યાં પાછો સિંહ માણસની ગંધે આવે છે ત્યાં તો પાછો દૂરથી મુનિવરને જૂએ છે, જોતાવેંત જ એકદમ પૂછડું પછાડતો રાજર્ષી ઉપર ત્રાપ મારવા જ્યાં જાય છે તે પહેલાં તો મુનિવરે સમયસૂચકતા વાપરી તેજોલેશ્યા મૂકી મરણની પથારીમાં સુવાડી દીધો. સિંહ મરી કોઇ જંગલમાં દીપડા રૂપે જન્મ પામ્યો.

એકબીજાને એકબીજા ઉપર વેર છે એટલે ભાગ્યયોગે સંયોગો પણ તેવા જ મળી આવે છે. જે જગ્યાએ દીપડાનું સ્થાન છે તે જગ્યાએ જ પાછા મુનિવર કાઉસ્સગ્ગ ધ્યાને રહે છે. વૈર વાળવાની વૃત્તિથી દીપડો રાજર્ષી ઉપર જ્યાં તરાપ મારવા જાય છે ત્યાં તો રાજર્ષીએ ફરી તેજોલેશ્યા મૂકી બાળી ખાખ કરી નાંખ્યો.

દીપડો મરી જંગલનો સાંઢ થયો. મસ્તીમાં સાંઢ આમતેમ રખડે છે ત્યાં પાછા પેલા રાજર્ષીને કાઉસ્સગ્ગ ધ્યાને જોવે છે. પુછડું ઉછાળતો જ્યાં આવે છે ત્યાં તો રાજર્ષીએ તેજોલેશ્યાનો ઉપયોગ કરી યમરાજાના દરબારમાં પહોંચાડી દીધો.

સાંઢમાંથી દૃષ્ટિવિષ સર્પ થયો. ઉજ્જયની નગરીના ઉદ્યાનમાંરહેલા સિદ્ધવડની બખોલમાં સર્પ પડયો રહે છે. મુનિવર ત્યાં આવી પહોંચ્યા. સર્પ ફુંફાડા મારતો બહાર નીકળ્યો. બહાર નીકળતાંની સાથે રાજર્ષીએ ત્યાંપણ તેજોલેશ્યાનો ઉપયોગ કર્યો.

દૃષ્ટિવિષ સર્પ ત્યાંથી મરી બ્રાહ્મણના ઘેર ઉત્પન્ન થયો. એક વખતે ગામ બહાર ફરવા ગયો છે ત્યાં રાજર્ષીને જુએ છે. જોતાંજ હૃદયમાં આનંદ થવો જોઇએ તેના બદલે રોષ પ્રગટ થાય છે. હાથમાં લાકડી લઇ જ્યાં ઉગામવા જાય છે ત્યાં પણ રાજર્ષીએ તેજોલેશ્યા મુકી મૃત્યુના ધામમાં પહોંચાડી દીધો.

અકામ નિર્જરાથી બ્રાહ્મણ કુળમાંથી વાણારસી નગરીમાં રાજકુળમાં જન્મ પામ્યો અને મહાબાહુ નામે નામ રાખ્યું. મહાબાહુ રાજકુમારને સારી

સોબત અને સુસંસ્કારો મળવાથી શ્રાવક ધર્મનું યથાર્થરીતે પાલન કરવા લાગ્યો. ગામોગામ વિહાર કરતા મુનિવર તેજ નગરમાં ગોચરી–પાણીએ નીકળ્યા. ઝરૂખામાં બેઠેલા રાજકુમારની નજર, નીચે ચાલ્યા જતા મુનિવર ઉપર પડી. દેખતાંની સાથે સદ્‌ભાવને બદલે અસદ્‌ભાવ જન્મ પામ્યો. રાજકુમાર વિચારે છે કે, ગુરૂમહારાજને જોઈ સદ્‌ભાવ થવો જોઇએ તેના બદલે તેમના પ્રત્યે રોષ કેમ પેદા થાય છે? આ જાતનો પ્રશ્ન પોતાના આત્માને પૂછતાં અને વિચારતાં જાતિસ્મરણજ્ઞાન વડે સમાધાન થયું કે, ઢેંક પક્ષીના ભવથી માંડી સાત ભવ સુધી વૈરવૃત્તિ ચાલી આવે છે, તેનું આખું ચિત્ર પોતાની સમક્ષ ખડું થયું.

પોતાનાજ ગામમાં આવેલા ત્રિવિક્રમ રાજર્ષી હતા એવું રાજકુમાર નહિ જાણતા હોવાથી અને રાજર્ષી વિહાર કરી ગયેલા હોવાથી જેની સાથે સાત ભવથી વૈરવૃત્તિ ચાલી આવે છે તે ત્રિવિક્રમ રાજર્ષીની શોધ માટે એક યુક્તિ રચી. પોતાના જ્ઞાન અનુસાર રાજકુમારે એક અર્ધ શ્લોક બનાવ્યો અને શહેરમાં જગજાહેર કરાવ્યું કે, આ શ્લોકનો ઉત્તરાર્ધ રચી આપનારને એક લાખ સોના મહોર મળશે. રાજકુમારે બનાવેલો પૂર્વાર્ધ નીચે મુજબ.

**विहगः शबरः सिंहो, द्विपी संढः फणी द्विजः**

એક લાખ સોના મહોરથી કોણ ન લલચાય. હાલતાં–ચાલતાં નરનારીઓ, રમત–ગમત કરતાં બાળુડાંઓ, ગાયો–ભેંસો ચારતા ગોવાળીઆઓ, હળ હાંકતા ખેડૂતો વગેરે કંઠે કરી લલકારવા લાગ્યા.

તે રાજર્ષી ફરી તે નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. આખા નગરમાં અર્ધ શ્લોકનો ગૂંજારવ ગાજી રહ્યો હતો. ઉદ્યાનમાં પધારેલા રાજર્ષીએ કોશ હાંકતા ખેડુત પાસેથી તે અર્ધ શ્લોક સાંભળ્યો. સાંભળતાંજ મુનિવરને થયું કે, આતો મારા પ્રસંગને અનુસરી આ અર્ધ શ્લોક રચાયો છે, એટલે ખેડુતને મુનિવરે શ્લોકનો ઉત્તરાર્ધ નીચે મુજબ બનાવી આપ્યો.

**येनामी निहंता कोपात, स कथं भविता हहा**

આ ઉત્તરાર્ધને ખેડુત મુખે કરી રાજસભામાં આવ્યો. રાજકુમાર આ શ્લોકના ઉત્તરાર્ધને સાંભળતાં ખુબ હર્ષાન્વીત બન્યો. ખેડુતને પુછ્યું કે,

"આ શ્લોકનો ઉત્તરાર્ધ બનાવનાર કોણ છે?"

"ઉદ્યાનમાં પધારેલા એક મુનિવર છે."

રાજકુમાર સમજી ગયો કે, જેની શોધમાં હું છું તેજ આ મુનિવર લાગે છે એટલે ઝટપટ તૈયારી કરી ગુરૂવરની પાસે પહોંચી ગયો અને વિધિપૂર્વક વંદન કરી પોતાના સ્થાને બેઠો.

"ગુરૂવર્ય! આપને મેં બહુ સંતાપ્યા છે ધ્યાનથી ચલિત કર્યા છે, ક્ષમા કરો! ગુરૂ મહારાજ ક્ષમાકરો!"

"મહાનુભાવ! તારા એકલાનોજ દોષ નથી મેં પણ મારાં અમુલ્ય વ્રતોને ઓલંઘી તને કદર્થના કરવામાં બાકી રાખી નથી માટે હું પણ તને ખમાવું છું."

પરસ્પર એક–બીજા અંતરના ઉંડાણથી ખમાવે છે એટલામાં કોઇ મહાત્માને કેવળજ્ઞાન થયાની દેવદુંદુભી વાગી તે સાંભળી બન્ને મહાપુરૂષો તે મહાત્મા પાસે પોતાના દોષોને પ્રગટ કરવા અને પ્રાયશ્ચિતને લેવા માટે ગયા.

કેવળજ્ઞાની ભગવાને બન્નેના દોષોને સાંભળી, મહાબાહુને શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢી યાત્રા અને તપ–જપ વગેરે કરવાનું જણાવ્યું.

શ્રી સિદ્ધાચળજીના સંઘમાં મહા મુનિવર પણ પધાર્યા અને આદીશ્વર ભગવાનનાં દર્શન કરવા સાથે પોતાના દોષોનું પ્રગટીકરણ કરી પોતાના આત્માને ધન્ય બનાવ્યો. તે બન્ને મહાપુરૂષોએ શ્રી સિદ્ધાચળજી ઉપર તપ, જપ, ધ્યાન વગેરે કરી આરાધનાનો સુંદર માર્ગ સ્વીકારી મોક્ષ રૂપી મહેલમાં પોતાનું સ્થાન હંમેશને માટે જમાવ્યું.

સાર એ લેવાનો રહે છે કે, જીવોને કર્મના વશથી એક ભવમાં કરેલું વૈર પણ ભવોભવ સુધી આડું આવે છે, માટે **વૈરનું મારણ વૈર નથી પણ આત્માના ગુણ રૂપે રહેલી ક્ષમા છે.** દુ:ખથી છૂટવું હોય અને સુખી થવું હોય તો કોઇની સાથે વૈર બાંધવાનો પ્રસંગ પાડશો નહિ. એજ અંતરની અભિલાષા.

# માર્ગભૂલેલાઓ જૈનશાસનની દ્રષ્ટિને સંકુચિત માને છે; બાકી જૈનશાસનની અજોડ વિશાળતા મંત્રમુગ્ધ કરે તેવી છે. -શ્રી કિર્તી.

શ્રી જૈનશાસનની અજોડતા અને તેની વિશાળદૃષ્ટિ જગતમાં કંઇક જુદીજ ભાત પાડે છે.

શ્રી જૈનશાસનના હાર્દને નહિ સમજનારા અણુસમજુ આત્માઓ તેને સંકુચિતદૃષ્ટિ કહી વગોવનારા ખરેજ તેઓ પોતાના આત્માને વગોવી રહ્યા છે એમ કહેવું ખોટું નથી. જૈનશાસનની અજોડતા અને તેની વિશાળતા જો સમજાઇ જાય તો યદ્વાતદ્વા તો બકવું દૂર રહ્યું કિંતુ તે શાસનને માટે અવશ્ય અવસરે પ્રાણાર્પણ કરવા પણ તૈયાર બને!

જૈનશાસનમાં જીવોનું સૂક્ષ્મસ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે, તેનું કારણ એકજ છે કે, તે શાસનના પ્રરૂપકો શ્રી સર્વજ્ઞ ભગવંતો હતા, અને તેથીજ તેઓએ ચરાચર વિશ્વનું, પળે પળે પલટાતી દુનિયાનું, સમય-સમયનું તેમજ ભૂત-ભવિષ્ય ને વર્તમાન ત્રણેય કાળનું યથાર્થસ્વરૂપ દર્શાવી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

શ્રી સર્વજ્ઞ પરમાત્માએ નવતત્ત્વની પ્રરૂપણા કરી. પ્રથમ જીવનું સ્વરૂપ દર્શાવતાં જણાવ્યું કે, **चेतना लक्षणो जीवः** જેનામાં ચેતના હોય તે જીવ કહેવાય.

પછી ભલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિ હોય પણ જેનામાં પરોક્ષરીતે પણ ચેતના હોય તે જીવ કહેવાય છે.

વનસ્પતિમાં પણ જીવ માનવા લાગ્યા છે. જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવની સિદ્ધિ કરતાં જણાવ્યું છે કે, વનસ્પતિ પણ સંકોચ-વિકાસને પામે છે, હર્ષ-વિષાદને અનુભવે છે વનસ્પતિમાં પણ આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન સંજ્ઞાઓ રહેલી છે. પાણીના એક બિંદુમાં શ્રી જૈનશાસને અસંખ્યાત જીવો કહ્યા છે. તે વાતને આજના વૈજ્ઞાનિકોએ સૂક્ષ્મદર્શક કાચ વડે હજારો ને લાખો જીવો પાણીમાં હોવાનું સાબીત કર્યું છે. ખરૂં જોતાં તો તેઓએ પાણીના જીવો સિદ્ધ નથી કર્યા પણ પાણીમાં રહેલા જે બીજા જીવો તેની સિદ્ધિ કરી છે; પણ પાણીજ ખુદ જીવરૂપ છે તે તો આજની ટુંકી દૃષ્ટિથી નજ નિહાળી શકાય, તેને નિહાળનારા તો જ્ઞાનીપુરૂષો જ હોઇ શકે.

હજારો વર્ષ પહેલાં એવી સાધન સામગ્રી-યંત્રો વગેરે ન હતાં. છતાં જેઓએ જીવોનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ, બારીકમાં બારીક સ્વરૂપ બતાવ્યું છે. તેથી સામાન્ય માનવી પણ એટલું તો જરૂર સમજી શકે કે,-તેઓ અતિશય જ્ઞાની હતા. જેને આપણે કેવળજ્ઞાની કહીએ છીએ. તે કેવળજ્ઞાની મહાપુરૂષોએ સમસ્ત જગતને એ ઉપદેશ આપ્યો કે,

**" सव्वे जीवा सव्वे पाणा सव्वे भूआ**
**सव्वे सत्ता न हंतव्वा न परितावेयव्वा ॥**
**सव्वे पाणा पिया ऊआ अप्पिय वहा**
**सुह साया दुक्खपडिकुला, सव्वेवि-**
**जीविउकामा सव्वेसिं जीवियं पियं ॥**

જગતના સઘળાય પ્રાણીઓ જીવવાની ઇચ્છા રાખે છે. સૌને સુખ ઇષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે. કોઇયે મરવાને ઇચ્છિતું નથી. અપૂર્વ ઋદ્ધિ-સિદ્ધિમાં મ્હાલનાર ઈંદ્ર પણ જીવવાની આશા રાખે છે, તેમ વિષ્ટામાં રહેલો કીડો પણ વિષ્ટામાં રહીને પણ જીવવાને ચાહે છે. બન્નેને મરણનો ભય સરખો જ છે. માટે જ હરેકે હરેક પ્રાણીનું રક્ષણ કરવું જોઇએ પછી ભલે તે એકેન્દ્રિય હોય કે બેઇન્દ્રિય હોય, જાનવર હોય કે મનુષ્ય હોય. એકેન્દ્રિયથી લઇ પંચેંદ્રિય સુધીના તમામે તમામ પ્રાણીનું રક્ષણ કરો. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિમાં અને અમારામાં જીવ સરખો જ છે. સંકોચ-વિકાસ એ એનો ધર્મ છે. કીડીના આત્મામાં ને કુંજરના આત્મામાં જરા ફરક નથી. એનો એ આત્મા કીડી રૂપે થાય છે પૃથ્વી, પાણીમાં જન્મે છે; નરક મનુષ્યગતિને અનુભવે છે. એકેન્દ્રિય અને બેઇન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય પણે કર્મવશ બનેલો એ આત્મા ઉત્પન્ન થાય છે. સૌનો આત્મા સરખો છે. સૌને દુઃખ અનિષ્ટ છે અને સુખ ઇષ્ટ છે, માટે જ સૌનું એક સરખું રક્ષણ કરવું જોઇએ.

એમ નહિ કે, આપણને જે હરકત કરે તેને માર-

# જ્ઞાન ગોચરી

## હરિજનો અને મંદિર પ્રવેશ

**[ મુંબઇ સમાચાર–આચાર્ય જયેન્દ્ર દુરકાળ ]**

"હરિજનોને મંદિરપ્રવેશ નહી કરવા દેવાથી તેમને કેટલા ફાયદા થયા? અને તે કયા પ્રકારના?" હરિજનોનો તેમના મંદિરમાં તો પ્રવેશ છેજ જેમાં શાસ્ત્રાધારે તેમનો પ્રવેશ સંમત નથી અને તેઓ શાસ્ત્ર વિરૂદ્ધ થઇને જાય તેમાં પાપ છે, તેવા મંદિરમાં તેઓનો પ્રવેશ નહી થવાથી જેટલે અંશે ધર્મની પ્રણાલિકા અને વિધિ જળવાયાં અને તેટલે અંશે ધર્મનું સંરક્ષણ થયું અને તે સંરક્ષણ કરવા દેનાર અને કરનાર બન્ને પુણ્યભાગી થયા. બનારસના સ્મશાન ઘાટના (ડોમ) અંત્યજ ભાઈની વાત જાણીતી

---

વામાં પાપ નથી. હિંસા નથી; આવું વચન તે હિંસક વચન છે. દયાળુ હૃદયની આ વાણી નથી. આ તો સર્વજ્ઞ પરમાત્માનું શાસન છે. તેની વિશાળ દૃષ્ટિ છે. કે કોઇ પણ જીવ–આત્મા આપણું બુરૂ કરે, આપણને સતાવે તોપણ તેનું રક્ષણ કરો. પછી ચાહે તો તે જાનવર હોય કે મનુષ્ય હોય!

જે શાસનમાં આટલી બધી ઉચ્ચતા, લોકકલ્યાણની ભાવના, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રાણીની પણ રક્ષાનો ઉપદેશ, બુરૂં કરનારની અને બુરૂં ચિંતવનારની પણ રક્ષા, તેનું પણ ભલુ થાઓ એ જ એક ભાવના જેમાં સમાયેલી છે.

ચાહે ગમે તે દેશનો હોય, ગમે તે વેશ હોય, ગમે તે યોનિનો હોય, ગમે ત્યાં રહેતો હોય. અજ્ઞાનમાં અજ્ઞાન, અપરાધીમાં અપરાધી પ્રાણીનું પણ રક્ષણ કરો, એજ એક ઉપદેશ પરમાત્માનો હતો, અને છે, જગત સમક્ષ તેમણે "**मित्ती मे सव्वभूएसु**" એ સૂત્રને લલકાર્યું અને જગતને ઉત્તમોત્તમ માર્ગ દર્શાવ્યો. જૈનાચાર્યોએ પણ બૃહત્શાંતિસ્તોત્રમાં ઉચ્ચાર્યું છે કે, **जनपदानां शांति र्भवतु** તમામ દેશવાસીઓ શાંતિ અનુભવો.

"સઘળાયે વિશ્વનું કલ્યાણ થાઓ. સૌકોઈ પરહિત–પરોપકારમાં રક્ત રહો. સઘળાય જીવોના સઘળા દોષો નાશ પામો અને સર્વત્ર સૌ સુખી થાઓ."

આવી ઉચ્ચ ભાવના જે શાસનમાં સમાયેલી છે તે શાસનની અજોડતા અને તેની કેટલી વિશાળદષ્ટિ છે તે સહેજે આ ઉપરથી જણાઇ આવશે.

હિંસા અને અહિંસાનું સંપૂર્ણ સ્વરૂપ જૈનશાસનમાં જેવું મળી આવશે તેવું બીજી કોઇ ધરતીના પડમાં પણ નહિ મળે.

પરમાત્માનો એ જ ઉપદેશ છે કે, એકેન્દ્રિયથી લઇ પંચેન્દ્રિય સુધીના તમામ આત્માનું રક્ષણ કરો, ભલે પછી આપણે બધાનું રક્ષણ ન કરી શકીએ પણ આપણા અંતરમાં તો તમામ પ્રાણીગણની રક્ષાની જ ભાવના હોવી જોઇએ. તે પણ સ્વાર્થથી નહિ; કેવળ પરમાર્થવૃત્તિથી કરાયેલું રક્ષણ, પળાયેલી દયા–તે જ અહિંસા અને તે જ પરોપકારવૃત્તિ કહેવાય.

સ્વાર્થવૃત્તિથી દયા કોણ નથી પાળતું. કસાઇ પણ પોતાના બાળ-બચ્ચાનું રક્ષણ કરે છે. સૌ પોતપોતાના કુટુંબનું રક્ષણ કરે છે. પણ વાસ્તવિક રીતે તે દયા ન કહેવાય, તે કહેવાય સ્વાર્થવૃત્તિ.

સ્વાર્થવૃત્તિથી દેશનું, ગામનું કે ઘરનું રક્ષણ કરીએ તો તે દયા કે અહિંસા નહિ પણ અહિંસા, દયા કે પરોપકાર તો તેજ કહેવાય કે, જેમાં પરમાર્થવૃત્તિ સમાયેલી હોય. નિઃસ્વાર્થવૃત્તિ અને શુદ્ધબુદ્ધિની અહિંસા એજ અહિંસા છે અને એમાંજ ધર્મ સમાએલો છે અને મહાન ફળદાયક છે. ત્રણેય કાળમાં જેનો એક સરખોજ ઉપદેશ છે. એમ નહિ કે, ઘડીમાં આમ ને ઘડીમાં તેમ. જૈનશાસનના સિદ્ધાંતો ત્રણેય કાળમાં અબાધ્ય છે જેમાં જરાય વિસંવાદિતા નથી. માટે જ તે આરાધ્ય છે, યથાર્થ છે, અને તેની જ આજ્ઞાપાલનમાં આત્મકલ્યાણ રહેલું છે.

શ્રી જૈનશાસનની અજોડતા, તેની વિશાળતા સૌ કોઇ સમજી આત્મકલ્યાણના પૂનિત પંથે વિચરે અને સત્યસ્વરૂપ સમજે એજ એક અભિલાષા.

છે કે, તેમને જ્યારે કાશી વિશ્વનાથના મંદિરમાં લઇ જવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે સાચા અને અને સમજુ હિંદુને શોભે એવો જવાબ આપ્યો કે, "અમારે એમ કરવું નથી અત્યારે આ જાતિમાં છીએ અને કયા જન્મ સારૂ વિશ્વનાથજીનું મંદિર અભડાવીએ ?" મને યાદ છે કે, મંદિર પ્રવેશ બીલ વિરૂદ્ધની અરજીમાં ઘણા અંત્યજ ભાઇઓએ સહીઓ અથવા છાપો આપી હતી. ધર્મમાં જેનો નિષેધ હોય તે ન કરવું, જેમ કે, ચોરી, જારી, અસત્ય હિંસા-તે ન કરવાથી પોતાના ધર્મ રક્ષણના પાપથી અટકવાના ફાયદા આવા મંદિર અભડાવવાના કાર્યથી પણ થયા છે અને તેનેજ ઉચ્ચ આદર્શોને માનનારા લોકો ખરા ફાયદા સમજે છે.

"હરિજનો મંદિરપ્રવેશ કરે તો તમને કેટલું નુકશાન થાય અને તે કયા પ્રકારનું ?" સનાતનીઓને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. સનાતનીઓને એ નુકશાન થાય કે, જે શાસ્ત્રને આધારે તેઓ પોતે એ મંદિરોને પવિત્ર અને દર્શન કરવા યોગ્ય માને છે તેજ શાસ્ત્રને આધારે તે મંદિરમાં અભડાયેલાં અથવા ભ્રષ્ટ કરાયેલાં અથવા વિશિષ્ટ દૈવી શક્તિનો તેમાંથી નાશ થયેલાં મંદિરો સમજવાં પડે અને તેથી ધાર્મિક હિંદુઓને સારૂ તેટલાં આધિદૈવિક શક્તિ મેળવવાનાં સ્થાનો ઓછા થાય. વળી અંત્યજ ભાઇઓ તેમના પોતાનાજ ધર્મ કર્તવ્યનો દ્રોહ કરીને પાપભાગી થાય. એ નુકશાન પણ સનાતનીઓને થાય. એટલુંજ નહિ પણ દેશમાં જ્યારે અદ્દ્ભુત દૈવી પ્રતાપવાળાં મહાન મંદિરો આમ ભ્રષ્ટ કરવામાં આવે ત્યારે મદુરાના મીનાક્ષી દેવીના મંદિરને અભડાવ્યા પછી થયું હતું એમ મોટું યુદ્ધ ફાટી નીકળે અને દેશનેતાઓને સંકટમાં આવી પડવાનું થાય. અથવા હાલમાં મહાન પુણ્ય મંદિરોને અભડાવાથી થયું છે તેમ દેશમાં અશાંતી, દુઃખ અને અવ્યવસ્થા વધી પડે અને છતે હુતે દેશ પાયમાલ થાય. આમ આખા દેશની પાયમાલી થાય. કેટલાક કહે છે કે, મંદિરમાં હરિજન ગયા તો શું આકાશ તૂટી પડવાનું હતું ? પણ જવાબ એ છે કે, ધર્મસંસ્કૃતિની અને દેશની પાયમાલીથી વધારે કયું આકાશ તુટેલું તમે જોવા માંગો છો ? આવી રીતની આધ્યાત્મિક અને આધિદૈવીક ભ્રષ્ટતા વધે એટલે નેતાઓની દુર્બુધ્ધિ થાય, નૈતિક અધોગતિ થાય, અને લગ્ન આદિમાં પણ ઉંચ નીચ હિંદુ-મુસ્લીમ, પારસી કે યુરોપીયનની વ્યવસ્થા વિવેક રહે નહિ અને બીજી પ્રજાઓની પેડે ઇતિહાસમાં અમર રહેલી હિંદુ પ્રજાનો પણ નાશ થાય. ઇશ્વર કાંઇ લાકડી લઇને મારતો નથી.

મુખ્ય પ્રશ્ન મંદિરપ્રવેશ વિરૂધ્ધના શાસ્ત્રાધારો ટાંકવા સંબંધનો છે. આ સંબંધી એ બધા આધારો ટાંકીને વાંચનારા અને કંપોઝીટરોને સંસ્કૃત ભાષામાં મુઝવવા કરતાં એટલુંજ કહેવું બસ થશે કે, શાસ્ત્રોમાં આ સંબંધી ઉલ્લેખો સ્પષ્ટ છે. માત્ર સામાપક્ષના વકીલની પેડે પહેલો દસ્તાવેજી પૂરાવો માગવો અને પછી તે મળી આવે તો તે ભરોસા પાત્ર નથી. એમ કહીને ખસી જવું એવી પદ્ધતિ હાથમાં ઝાલવામાં આવે છે. તે શ્રદ્ધાળુ હિંદુની રીત નથી. ખરી રીતે તો હિંદુઓના શૌચાચાર વિભાગનો આ વિષય છે. બીજ-શુદ્ધિ, આહારશુદ્ધિ, સંપર્કશુદ્ધિ, આદિ શૌચ અથવા પવિત્રતાના અનેક અંગો છે, તે જેટલે અંશે જેને પાળવાના હોય તેનો શાસ્ત્રમાં વિવેક કરેલો હોય છે, અને તેનેજ આધારે લોકો બનતાં સુધી તે પાળે છે. ઢેડ લોકો, ભંગીઓનું ખાતા નથી, રજસ્વલાએ બીજાનો સ્પર્શ થવા દેવાતો નથી. પતિવ્રતા પરપુરૂ-ષને સ્પર્શ કરતી નથી એ બધામાં આવા શૌચનાંજ કારણો સમજવાનાં છે. આ ન સમજનારા કોઇ વિદ્વાનો કે નેતાઓ શાસ્ત્રને ઉડાવવા અથવા ઉથલાવવા માગે તેથી સાચી હકીકતને આંચ આવતી નથી. હિંદુઓનાં શાસ્ત્રો એવાં સચોટ, સુક્ષ્મ, વિવેકી અને ઉદ્દાર્શીત હોવાની સાથે સિદ્ધાન્તબદ્ધ છે કે, તેને ઉથલાવી શકાતાં નથી, પણ તેના ઉપરના અભિપ્રાયથી મોટા મોટા વિદ્વાનો અને આચાર્યની પણ બુદ્ધિનું માપ થઇ જાય છે. વિલાયતી વિતંડાવાદ પણ તેમાં કામ આવતો નથી.

ભૂમિકા જણાવી છે. એ ભૂમિકાનાં તત્ત્વોના સારાસારનો વિવેક હવે પછી કરીશ.

## અસંગત તુલના

### પૂ૦ મુનિરાજશ્રી ન્યાયવિજયજી, ત્રિપુટી

[ જૈન-અઠવાડિક ]

હું એ મહાનુભાવોને બે પ્રશ્નો પુછું છું. યદિ એનો પ્રત્યુત્તર આપતાં તર્કથી, દલિલોથી વિચારશે તો એમને સમજાશે કે, તેઓ કયાં ભૂલ્યા છે? સમ્યગ્દર્શનને માનો છો ખરા? યદિ હા, તો વિચારો. ગાંધીજી પોતાને ચુસ્ત વૈષ્ણવ કહેવરાવે છે એનો પણ તમને ખ્યાલ છે ને? શું તેઓ પોતાને પરમ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકરના ઉપાસક કદીયે કહેવરાવે છે ખરા? તમને એ પણ ખ્યાલમાં જ હશે કે, મહાભારતના યુદ્ધ પ્રસંગે ગવાયેલ ગીતાજીને તેઓ શ્રેષ્ઠ ધાર્મિક ગ્રંથ માને છે, પરન્તુ પરમ આત્મદર્શી વીતરાગ દેવકથિત કોઇ પણ આગમગ્રંથને, જિનવાણીને તેઓ કદિયે સર્વશ્રેષ્ઠ માને છે ખરા? એમની પ્રાર્થનાઓમાં પણ ગીતા, કુરાન, બાઇબલ, ફારસી ધર્મગ્રંથ, કબીર અને તુલસીદાસનાં ભજનો સુક્તો વપરાય છે, પરન્તુ પરમ આત્મદર્શી શ્રી વીતરાગદેવની સ્તુતિ, પ્રાર્થના કે ભજન કયા જૈનાચાર્યજીનાં કયારે કયારે બોલાય છે તે જણાવશો ખરા? હું એ ભાઇને પ્રેમપૂર્વક પુછું છું કે, સર્વ ધર્મ સમભાવની વાતો થાય છે, તત્ત્વો ચર્ચાય છે, અભ્યાસ પણ થાય છે પરન્તુ જૈનધર્મના સ્યાદ્વાદ કે અહિંસાવાદનું બારીક-સચોટ સત્ય નિરૂપણ ગાંધીજીએ કર્યાનું તમે વાંચ્યું છે ખરૂં? આજની [illegible]ાળાની સરકાર આઝાદ હિન્દના પ્રમુખ નેહરૂજી [illegible]ના જગતના ઇતિહાસમાં ઘણાયે ધર્મોની ચર્ચા કરે છે પરન્તુ જૈનધર્મ અને તેના ઇતિહાસનું જ્ઞાન એમાં કેવું છીછરૂં છે એ લગાર [illegible]. રવીન્દ્રનાથ ટાગોર, સર રાધાકૃષ્ણ [illegible] ગાંધીજી સુદ્ધાં હિન્દના જુદા જુદા ધર્મોનું [illegible] કરે છે, તત્ત્વજ્ઞાન મેળવવા આતુર હોય [illegible] આ મહાનુભાવો પણ જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતોથી એટલા અપરિચિત, ઉદાસ અને એના પ્રતિ ઉપેક્ષા સેવે છે કે, સામાન્ય જૈનધર્મના અભ્યાસીને પણ આશ્ચર્ય થયા સિવાય ન રહે. મેં ઉપર જણાવેલ મહાનુભાવોમાંથી કોઇયે પણ જૈનધર્મનું યથાર્થ અભ્યાસપૂર્ણ નિરૂપણ કર્યાનું તમારી જાણમાં હોય તો રજુ કરશો.

ભાઇ, આજે તમે ભાવુક વૃત્તિથી ઉતાવળા થઇ ભગવાન મહાવીર સાથે જેમની તુલના કરો છો એમને જૈનધર્મના સિદ્ધાંતો દેવ, ગુરૂ કે ધર્મ ઉપર કેવો પ્રેમ છે તે જાણો છો ખરા? લગાર પ્રેમથી જઇને પૂછશો તો ખરા કે જૈનધર્મના સિદ્ધાંતને આપ કેવા ગણો છો? મને યાદ છે. એક વાર ગાંધીજી પાલીતાણા-સિદ્ધગિરિ ઉપર ગયા હતા. બહુ જ પ્રેમથી ચઢયા હતા પરન્તુ તેમણે તે વખતે સાફ સાફ કહ્યું હતું-હું યાત્રા કરવા નથી આવ્યો. એટલે તેમને જૈન-મહદ્જૈન કે ભગવાન મહાવીર સાથે સરખામણી કરનાર મહાનુભાવો લગાર સ્થિર ચિત્તે વિચારી સત્ય વસ્તુ જોતાં શીખે એમ ઇચ્છું છું.

તમને યાદ તો છેને? જૈનપત્રના મુખ પૃષ્ઠ ઉપર દેવીદાસ ગાંધીએ રજુ કરેલ બનાર્ડશોનો અભિપ્રાય આવ્યો હતો. એ સમર્થ લેખક અને વિચારક 'યદિ મને દુનિયાના કોઈ ધર્મને સ્વીકારવાનું કહેવામાં આવે તો હું જૈનધર્મ માનવાનું પસંદ કરૂં', આવા ભાવના શબ્દો છે. જ્યારે ગાંધીજીએ આવું કદીએ નથી માન્યું અને એથી ઉલ્ટું હું મહાવૈષ્ણવ, ચુસ્ત વૈષ્ણવ છું આવું તો ઘણીવાર કહ્યું છે.

કદાચ આ ભાઇઓ દલીલમાં એમ કહે છે કે, આવા પુરૂષો કોઈ એક ધર્મ કે પંથમાં બંધાવવાનું પસંદ નથી કરતા, માત્ર સત્યના જ પરમ ઉપાસક હોય છે. આ દલીલ આપણે એક વાર માની લઇએ પરન્તુ ગાંધીજીયે વાછરડા પ્રકરણમાં, વાંદરા વધ પ્રકરણમાં અને માછીમારોના ધંધાના વિકાસ પ્રકરણમાં કેટલું સત્ય સ્વીકાર્યું છે? અહિંસાનું કેટલું મહત્ત્વ રાખ્યું છે તે આ ભાઇઓ સમજાવશો ખરા? જ્યારે એમના વિદ્વાન પ્રતિસ્પર્ધીઓની સચોટ સત્ય દલીલોનો જવાબ આપવા ગાંધીજી અસમર્થ નીવડ્યા ત્યારે એમણે છેલ્લે લખ્યું કે, મારી અહિંસા એ મારી મર્યાદાવાળી છે. બીજાને એ બંધનકર્તા નથી. આ વસ્તુ કયાં સુધી ઉચિત છે તે વિચારશો.

## જ્ઞાનગોચરી [ ચાલુ ]

બીજો પ્રશ્ન છે ભગવાન શ્રી મહાવીર દેવને તમે સર્વજ્ઞ માનો છો કે કેમ?

યદિ ભ. શ્રી મહાવીર દેવને સર્વજ્ઞ માનો તો આ તુલના કોઇ પણ રીતે ઉચિત લાગે છે ખરી? ગાંધીજીને આજે એ પણ ખબર નથી. કે કાલે શું થશે? અરે કાલે જ નહિં પણ એક મીનીટ પછી યે શું થશે તેની એમને ખબર નથી. પછી સર્વજ્ઞ દેવ સાથે અસર્વજ્ઞની તુલના કઇ રીતે ઘટી શકે તે બતાવશો ખરા? આજે તમે જ જુઓને કે બિહારના હિન્દુઓ તો પોતાની આર્યસંસ્કૃતિથી પ્રેરાઈ ગાંધીજીની વાતો, સલાહ સ્વીકારે છે જ્યારે નોઆખલીના મુસલમાનો તો હજી એવા ને એવા છે. ત્યાં આજે એ હિન્દુઓના જાન–માલ ઇજ્જતને ખતરો છે. હવે તમે આ પ્રવાસ વર્ણનને ભ. શ્રી. મહાવીર દેવના અનાર્ય રાઢા દેશના વિહાર સાથે સરખાવો છો તે કયાં સુધી ઘટી શકે છે તે વિચારશો.

છદ્મસ્થની તુલના છદ્મસ્થ સાથે જ ઘટી શકે, સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ સાથે આ તુલના નથી જ ઘટતી તેમજ સર્વધર્મ સમભાવ અને સ્યાદ્વાદના સ્વરૂપમાં પણ મોટું અંતર છે. સ્યાદ્વાદનો અર્થ આયે સાચું અને તેયે સાચું એમ નહિં. અપેક્ષાએ એકજ વસ્તુમાં અનેક વિરોધી ધર્મોનો પણ સમાવેશ સ્યાદ્વાદી કરે છે પરંતુ તે સત્યને સ્વીકારે છે. જુઓને હમણાંજ હરિજનમાં ભાઇ મશરૂવાળાનો લેખ 'ધર્મમાં કારણનો પ્રવેશ' એ લેખમાં અન્ય ધર્મના રાજાઓએ રાજકારણમાં પ્રવેશી વિધર્મીઓ ઉપર જુલમ અને અત્યાચાર કર્યા છે તેનું વર્ણન કરતાં જૈનધર્મી રાજાઓ ઉપર પણ એવો જ આક્ષેપ કર્યો. હવે એનો જવાબ બાબુ સુમેરચંદ્રજીએ આપ્યો ત્યારે મશરૂવાળાએ પહેલાં તો લખ્યું કે હું ઇતિહાસનો જાણકાર નથી માટે એ જૈન ઇતિહાસજ્ઞ વિદ્વાનોને પુછાવું છું, પછી જણાવું. મશરૂવાળાને જવાબ મળ્યો. જૈન રાજાઓએ કોઈના ઉપર જુલ્મ કે અત્યાચાર નથી કર્યા, એમને કોઇને દબાવવા, પીડવા કે લુંટવા યુદ્ધ નથી કર્યા પરન્તુ પોતાના રક્ષણ માટે રક્ષણાત્મક યુદ્ધ કર્યાં છે. હવે આ ખુલાસો આવવા છતાંયે ભાઇ મશરૂવાળા પોતાની ભૂલ કબૂલતા નથી. એમને પોતાના લખાણમાં ફેરફાર કરવાની જરૂર નથી જણાતી. હવે એ મહા વૈષ્ણવ કેવા સત્યના ઉપાસક રહ્યા છે તે વિચારો. મનું વિધાન અસત્ય છે એ જાણવા છતાંયે પોતાનું વિધાન ફેરવવા તૈયાર નથી. આમાં કયાં સત્યપ્રિયતા રહી?

એટલે હું તો આ ભાઇઓને એક જ કહું છું. આવી અસંગ તુલનાઓનો વધુ આગ્રહ ન રાખશો.

---


## અમારાં નવાં પ્રકાશનો

| પુષ્પ. | નામ. |
| --- | --- |
| ૩ | શ્રી સિદ્ધહેમલઘુવૃત્તિ પાંચમું પાદ કિંમત દશ આના. |
| ૫ | શ્રી જૈન વિ. ગ્ર. શ્રે. ૨. ( ૨ ) હૃદયના તાર કિંમત બે આના. શ્રેણીના પોસ્ટે જ સાથે રૂા. ૨–૮–૦ |
| ૧૧ | વિધિ સમય દર્પણઃ નવા વર્ષનું ચૈત્ર માસથી ફાગણ સુધીનું કિં. આઠ આના. |
| ૧૨ | શ્રી સકલાર્હત્ સ્તોત્ર. સટીક સંસ્કૃત નવ્ય ટીકા. બુકાકાર–નિર્ણય સાગર પ્રેસ મુદ્રિત કિં. છ આના. |

## નવાં પ્રકાશનોની રાહ જુઓ.

૧ ધન્યનારી આઠ ફારમની કથા.

૨ ટુંકી ત્રણ વાર્તાઓ.

**શા. ઉમેદચંદ રાયચંદ**

ઠ્ય૦ શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથવાળા.

વાયા ધ્રામનગર મુ૦ ગારીઆધાર.

**સોમચંદ ડી. શાહ.**

**પાલીતાણા.** એ સીરનામે પણ મળશે.

---

## "કલ્યાણ"માં જા+ખ આપવાના દર

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
| --- | --- | --- | --- | --- |
| આખું પેજ રૂા. | ૧૫) | ૩૫) | ૬૦) | ૧૦૦) |
| અડધું પેજ રૂા. | ૯) | ૨૦) | ૩૫) | ૬૦) |
| પા પેજ રૂા. | ૫) | ૧૨) | ૨૦) | ૩૫) |

ટાઈટલ પેજ ૨જું રૂ. ૨૦) ટાઇટલ પેજ ૩જું રૂ. ૨૫)

ટાઇટલ પેજ ૪થું રૂ. ૩૫) એક વખત માટે.

Reg N. B. 4925

## વિધિસહિત–પંચપ્રતિક્રમણ

જેને વિધિનો ખ્યાલ ન હોય તેઓ આ પુસ્તકમાં જોઇ પ્રતિક્રમણ કરી શકે છે. વિધિ પ્રમાણે સૂત્રો ગોઠવવામાં આવ્યાં છે. સાથે નવપદ ઓળીની વિધિ તથા સ્તવનો વગેરેનો સંગ્રહ છે. પાકું બાઇન્ડીંગ ૨૮૮ પેજ

મૂલ્ય; રૂા. ૨-૪-૦ પોસ્ટેજ અલગ.

## નિત્ય સ્વાધ્યાય–
## પ્રકરણાદિ સંગ્રહ

જેમાં નવસ્મરણ. ચારપ્રકરણ, ત્રણ-ભાષ્ય, છકર્મગ્રંથ, મોટીસંગ્રહણી. ક્ષેત્ર-સમાસ, તત્ત્વાર્થ, દશવૈકાલિકનાં દશઅધ્યયન, સાધુ–સાધ્વી યોગ્ય, આવશ્યક ક્રિયાનાં સૂત્રો, વીતરાગ સ્તોત્રાદિ અનેક સ્તોત્રોનો સંગ્રહ છે.

પાકું બાઇન્ડીંગ ૩૦ ફર્માનું પુસ્તક રૂા. સવાત્રણમાં; પોસ્ટેજ અલગ.

**સોમચંદ ડી. શાહ.**

જીવનનિવાસ સામે–**પાલીતાણા**

:: મુદ્રક :: અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિ. પ્રેસ–પાલીતાણા.